સુવિચાર
કોઈના પ્રિય પાત્ર બનવા કરતાં વિશ્વાસપાત્ર બનવું વધુ મહત્વનું છે. બીજાની પ્રગતિને અભિનંદો પણ ઈર્ષ્યા ન કરો.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા) માણેકપરા, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૫/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ વૈશાખ વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૩૯

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦

જ્યાં સુધી ખાનગી વાહનો ઉભા હોય ત્યાં સુધી સરકારી બસો આગળ વધી ન શકે

અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડમાં ખાનગી વાહનોનો દબદબો

- નાગનાથ બસ સ્ટેન્ડ સામે ટ્રાફિક કર્મીઓ મોબાઈલમાં મસ્ત હોય અને ખાનગી વાહનો મુસાફરો ભરવામાં વ્યસ્ત
- અવારનવાર ટ્રાફિકજામ થાય પણ ટ્રાફિકકર્મી ટ્રાફિક સમસ્યા દૂર કરવાની તસ્દી લેતા નથી
- એક તરફ ઓટો રિક્ષા અને બીજી બાજુ ખાનગી વાહનચાલકો જમાવટ કરતાં જોવા મળે
- અમરેલી શહેર એટલે ''સબ ભૂમિ ગોપાલ કી'' જેને જયાં દબાણ કરવું ત્યાં કરે કોઈ કાંઈ કે નહી

અમરેલી, તા. ૨૪

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. રાજયને પ્રથમ મુખ્યમંત્રીનાં સ્વરૂપમાં ડો. જીવરાજ મહેતાની ભેટ આપનારઅમરેલીનાંઅનેકનેતાઓઆજે રાજયઅનેકેન્દ્રસરકારમાંદબદબોધરાવે છે. અમરેલીનાં કવિ રમેશ પારેખનું નામ સમગ્ર દેશમાં જાણીતું છે. શહેર એ અનેક સંતો-મહંતો, રાજકીય અને સામાજિક આગેવાનોની જન્મભૂમિ અને કર્મભૂમિ છે અને આજે આ શહેર અનેક પ્રકારની અરાજકતાનો સામનો કરી રહ્યું છે.

અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડમાં મુસાફરોનાં હિતમાં સરસમજાની છતનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે પરંતુ નાગનાથ બસ સ્ટેન્ડમાં સવારનાં ૬ થી રાત્રિનાં ૯ વાગ્યા સુધી ખાનગી વાહનો કતારબંધ ઉભા હોય અને જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ કરીને ખાનગી વાહનચાલકો તેમના નાના-મોટા વાહનોમાં મુસાફરોને બેસાડીને એસ.ટી.નીઆવકને ખુલ્લેઆમ નુકસાન કરી રહ્યા છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, સવારનાં ૬ થી ટ્રાફિક થાય છતાં ટ્રાફિકકર્મી ૮ કે ૯ વાગ્યા આસપાસ તે સ્થળે ફરજ બજાવવા પ્રગટ થાય અને

અનુસંધાન પાના ૬ ઉપર

પ્રાર્થના સભા / ઉઠમણું
હર્ષાબેન કિશોરભાઈ ખીરિયા (ઉ.વ.૫૬)નું તા.૨૩/૦૫/૨૪, ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઠાકોરજી સદ્ગત આત્માને ગૌલોક વાસમાં સ્થાન અપાવે એજ પ્રાર્થના...
સદ્ગતની પ્રાર્થનાસભા / ઉઠમણું
તા.૨૫/૦૫/૨૦૨૪,શનિવાર
સાંજે ૪:૦૦ થી ૫:૦૦
સ્થળ : લોહાણા મહાજન વાડી,લાઠી રોડ,અમરેલી
પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.
સ્વ.હર્ષાબેન કિશોરભાઈ ખીરિયા (ઉ.વ.૫૬) સ્વ.તા.૨૩-૦૫-૨૦૨૪
લી. શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ ખીરિયા
શ્રી અલકેશભાઈ કિશોરભાઈ ખીરિયા
શ્રી જતિનભાઈ કિશોરભાઈ ખીરિયા, (મો.૯૯૯૮૭ ૫૬૪૫૫)
શ્રી રોહિતભાઈ કિશોરભાઈ ખીરિયા,(૯૪૨૮૭ ૭૭૨૨૭/૭૭૪૧૧ ૬૬૧૬૬)
શ્રી યશ જતિનભાઈ ખીરિયા / શ્રી શનિ જતિનભાઈ ખીરિયા
કુહુ રોહિતભાઈ ખીરિયા / શ્રી દિલીપભાઈ મગનલાલ પિઠલાણી
તથા સમસ્ત ખીરિયા પરિવારનાં જયશ્રીકૃષ્ણ

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી કિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

બગસરા ગામની મહિલા વંથલીનાં સુખપુર ગામે સાસરીયાથી રિસામણે આવી

પત્ની ઉપર છરી વડે ૧૬ જેટલા ઘા કરીને પતિએ ગળાફાંસો ખાઈ લીધાની હકીકત પ્રકાશમાં આવી

પત્ની સારવારમાં હોય પતિએ એક વાડીમાં ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૨૪

ગુજરાતીમાં કહેવત છે કે, કઝીયાનું મોં કાળું પ્રમાણે બગસરા ગામે પતિ-પત્નિ વચ્ચે મનદુઃખ થતાં અને પતિ દ્વારા છેલ્લા ચૌદ વર્ષથી શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હોય તેને લઈ પત્નિ રીસામણે ચાલી જતાં પતિએ પત્નિને જાનથી મારી નાખવાના ઈરાદે શરીરે આશરે સોળેક જેટલા છરીના ઘા મારી ગંભીર ઈજા કરી બાદમાં પતિએ પણ ગળાફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો.

આ બનાવમાં બગસરાના જેતપુર રોડ ઉપર આવેલ પાણીના ટાંકા પાસે વાડી વિસ્તારમાં રહેતી નિરલબેન ભરતભાઈ પરમાર નામની ૩૦ વર્ષિય પરિણીતાને તેણીના પતિ આરોપી ભરતભાઈ કરશનભાઈ પરમાર (રહે. સુખપુર, તા. વંથલી) છેલ્લા ચૌદ વર્ષથી શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હોય. જે દુઃખ સહન ન થતા તેણી છેલ્લા ત્રણ મહિનાથી પોતાના પિયરમાં રીસામણે આવેલ હોય અને આરોપી છેલ્લા ચાર દિવસથી તેણી પાસે આવેલ હોય અને આરોપી સાથે બોલતા ન હોય. જે બાબતનું મન દુઃખ રાખી તા. ૨૩ ના બપોરના આશરે બે વાગ્યાના સમય દરમ્યાન તેણીના ઘરે તેણીના પતિએ પત્નિને જાનથી મારી નાખવાના ઈરાદે શરીરે જુદી-જુદી જગ્યાએ આશરે સોળેક જેટલા છરીના ઘા મારી, ગંભીર ઈજા કરી હતી. આ અંગે તેણીએ બગસરા પોલીસમાં પોતાના પતિ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૩૦૭, ૪૯૮(ક) તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્યારે તેણીના પતિ ભરતભાઈએ પણ તા. ૨૩ નાં બપોરના આશરે અઢી વાગ્યે પોતાની પત્ની નિરલબેન સાથે મારામારી કરી પત્નિને છરી વડે ઈજાઓ કરેલ હોય અને તેની પત્નિ નિરલબેનને સારવારમાં લઈ ગયેલ હોય. જે બાબતે પતિને લાગી આવતા પોતે પોતાની મેળે સાંજના આશરે સાડા છએક વાગ્યે ધીરૂભાઈ લાખાભાઈ ધાધલ (રહે. બગસરા)ની ડેમ વિસ્તારમાં આવેલ વાડીના ગોડાઉનમાં છતના પતરાની પાઈપ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

Sheetal
માત્ર ₹20/-
Sheetal
મસાલા છાશ
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ
મસાલા છાશ

BOSCH
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે ચુકવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

BIMS-AASTHA HOSPITAL
આસ્થા હોસ્પિટલ હવે થી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તેમજ ઈમરજન્સીમાં ૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/ ૩૫૪૪૪૪ મો.૯૬૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

જેને સ્માર્ટ કરવાનાં છે તેને ભૂલીને સરકાર સ્માર્ટ વીજ મીટર લઈ આવી

સ્માર્ટ માર્ગ, સ્માર્ટ સિટી, સ્માર્ટ સ્કૂલ, સ્માર્ટ હોસ્પિટલની જરૂર છે

પ્રધાનમંત્રીએ તાજેતરમાં ચૂંટણી પ્રચારમાં ઝીરો વીજબિલની ગેરંટી આપી હતી તેને પણ ભૂલી જવાઈ

પ્રધાનમંત્રીની ૧૦ વર્ષની કામગીરીનાં જમા-ઉધાર પાસા ભલે રહ્યા પરંતુ જનતાને ગેરંટી આપવામાં ક્યારેય પાછળ રહેતા નથી

જનતા પાસે તાલી વગાડાવે, થાળી વગાડાવે, ઘરમાં પુરી દે કે ઘરનાં નાણા બેન્કમાં જમા પણ પ્રધાનમંત્રી ચપટીમાં કરાવી દે

''દુનિયા નાચતી હે નચાને વાલા ચાહિયે'' તે હકીકત પ્રધાનમંત્રી સારી રીતે કરી જાણે છે

અમરેલી, તા. ૨૪

આપણી એક કહેવત છે કે ''દુનિયા ઝુકતિ હૈ ઝુકાના વાલા ચાહિયે'' તો એને મળતું જ વધુ એક વાકય છે જેમાં ''દુનિયા નાચતી હે, નચાને વાલા ચાહિયે'' અને આપણા સૌના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની જનતા ઉપર એવો જાદૂ ચલાવ્યો છે કે તેઓ ૧૪૦ કરોડ દેશવાસીઓ પાસે જે ઈચ્છે તે પ્રમાણે કામગીરી કરાવી શકે છે.

તાજેતરમાં ગુજરાતનાં અનેક શહેરોમાં સ્માર્ટ વીજ મીટર નામની બલ્લાને ઘરે–ઘરે લગાવવા માટે વીજ વિભાગે કામગીરી શરૂ કરતાં તેને લઈને ભારે હોબાળો મચી ગયો છે. આશ્ચર્ય બાબત એ છે કે પ્રધાનમંત્રી ચૂંટણી પ્રચાર દરમિયાન જણાવે છે કે આ મોદીની ગેરંટી છે કે દેશવાસીઓનું વીજ બિલ ઝીરો કરી દેવામાં આવશે. એક તરફ તેમનું ભાષણ ચાલે અને બીજી તરફ તેમના જ ગૃહ રાજય ગુજરાતમાં બુલેટ સ્પીડે દોડતાં સ્માર્ટ વીજ મીટર ઘરે–ઘરે લાગવાની કામગીરી શરૂ કરવામાં આવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એટલા સ્માર્ટ છે કે તેઓ દેશવાસીઓને કોરોનાનાં કપરા કાળમાં તાલી વગાડાવે, થાળી વગાડાવે, ટોર્ચ શરૂ કરાવે તો નોટબંધી જેવો અવ્યવહારૂ નિર્ણય કરીને ઘર–ઘરમાં રહેલ નાણાને બેન્કની તિજોરીમાં પણ મુકાવી દે અને હોંશે હોંશે દેશવાસીઓ પણ પ્રધાનમંત્રી કહે એટલે બ્રહ્મવાકય અને જે કરે તે દેશ હિતમાં જ કરે એટલે દેશવાસીઓ પણ અત્યંત ભરોસો મુકે.

જેવી રીતે આઝાદીની લડાઈમાં મહાત્મા ગાંધી કે આઝાદી બાદ લાલ બહાદુર શાસ્ત્રી દેશવાસીઓને જે સુચના આપે તે સુચનાનું પાલન થતું તેવું નરેન્દ્ર મોદીમાં અમુક કિસ્સામાં બને છે કે જો કે સાંસદ આદર્શ ગ્રામ યોજના, ગેસ સીલીન્ડરમાં સબસીડી છોડવા જેવી તેની સુચનાનું કોઈએ પાલન કર્યુ નથી તે પણ એક હકીકત છે.

ટ્રેકટરનાં ફેરાનાં પૈસા માંગતા

સાવરકુંડલાનાં ગોરકડા ગામનાં યુવક ઉપર લોખંડનાં પાઈપ વડે હુમલો

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગામે આહિર સમાજની વાડી પાસે રહેતા જયંતીભાઈ ઉર્ફે ટીટલો કાળાભાઈ કાતરીયા નામનાં ૩૦ વર્ષિય યુવક છેલ્લા એક માસથી તેજ ગામે રહેતા આરોપી ઉદયભાઈ વીરાભાઈ ચાંદુ સાથે ટ્રેકટરના ફેરાનું કામ કરતા હોય અને યુવકને આરોપી પાસે ટ્રેકટરના ફેરાના પૈસા લેવાના બાકી હોય. જે બાબતે આરોપીએ તે બાબતનું મનદુ:ખ રાખી યુવક તા. ૨૨ ના ૮ વાગ્યે પોતાનું મોટર સાયકલ લઈ ગોરડકાથી મેરીયાણા તરફ જતા હોઈ ત્યારે રસ્તામાં આરોપી ફોરવ્હીલ કારમાં ડ્રાઈવરની બાજુની સીટમાં બેસી આવી યુવકને ચાલુ ફોરવ્હીલ ગાડીએ આવી માથામા લોખંડનો પાઈપ મારી મહાવ્યથા તથા ઘુંટણના ભાગે છોલાણની ઈજા પહોંચાડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

તાઈવદરમાં તીનપત્તીનો જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાના તાઈવદર ગામે રહેતા ભનાભાઈ બચુભાઈ મજલાણી, ચંદુભાઈ કુરજીભાઈ ગોલાણી, ભગુભાઈ હકુભાઈ શાક, મહીપતભાઈ તખુભાઈ બસીયા, રાહુલભાઈ ભનાભાઈ ગોલાણી, નિલેષભાઈ બાઘાભાઈ ડાંગર તથા સોમાભાઈ બાવકાભાઈ સોસા સહિત સાતેય ઈસમો તા. ૨૩ ના બપોરના ૩ વાગ્યાના સમયે તાઈવદર ગામે ગામેજાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૧,૨૩૦ તથા જુગાર લગત મુદ્દામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

પશુ પ્રત્યે ઘાતકી વલણનાં ગુન્હામાં ૮ વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત

વધુ તપાસ લાઠી પોલીસ દ્વારા શરૂ કરાઈ

અમરેલી, તા. ૨૪

ગત ૨૦૧૬માં આરોપી જાવેદભાઈ ઉર્ફે જાવીદ વલીભાઈ લખોટી (રહે. પટેલકોલોની, ગામવલણ, તા. કરજણ) વાળા લાઠી પાસેથી ટ્રકમાં ગેરકાયદેસર રીતે ઘાસચારા કે પાણીની સગવડ રાખ્યા વગર ક્રુરતાપુર્વક ટૂંકા દોરડાથી ગૌવંશ બળદો જીવ નંગ–૧૬ ટ્રક નં. જી.જે.–૦૪ વી ૫૩૬૪ માંભરી નીકળતા લાઠી પોલીસે પકડી પાડેલ હોય. જે બનાવમાં આરોપી તરીકે જાવેદભાઈ ઉર્ફે જાવીદ વલીભાઈ લખોટી હોય અને તેના વિરૂદ્ધ મજકુર ઈસમ આજદીન સુધી પોલીસમાં પકડાવાની બીકે ફરાર હોય નાસતા ફરતા તે આરોપીને તા. ૨૩ ના રોજ અમરેલીના જૈન દેરાસર પાસેથી મળી આવતા આરોપીની તપાસ પુછપરછ કરી આગળની કાર્યવાહી કરવા લાઠી

પોલીસ સ્ટેશન સોંપવા સારૂં આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂં સોંપેલ હતો.

શહેરીજનોમાં આશ્ચર્ય ઉભી કરતી ઘટના

લ્યો બોલો : સાવરકુંડલામાં એકી સાથે ૨ માર્ગનું થયુ ભૂમિ પૂજન અને બન્યો એક

પાલિકાના શાસકો કોઈ ખુલાશો કરે તે જરૂરી

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરમા ત્રણ મહિના પહેલા એક સાથે બે રોડ બનાવવાની ધામધૂમથી શરૂઆત કરવામા આવી, શ્રીફળ વધેરાણા ફોટોગ્રાફિ થઈ મીઠા મોઢા કરાયા અખબારોમાં પ્રસિધ્ધ પણ થઈ ગયું, પરંતુ અંતે બન્યો અડધો ભાગ જ જે ભાગનો રોડ બાકી રહી ગયો, એ તો મોઢ આવેલ કોળીયો છીનવાઈ ગયો હોય તેવો ઘાટ સર્જાયો છે.

રોડ ની એક સાઈડ એટલે સંઘડિયા બજાર થી જયંતીભાઈ સૂચકની દુકાન બાજુનો રોડ થઈ ગયો છે. બીજો રોડ જલારામ મંદિર થી ભુવા રોડ નો ભૂલી

જ ગયા છે. અવારનવાર રજૂઆત કરવા છતાં કોઈ પણ કાઉન્સિલર કે પ્રમુખ આ બાબતે મગ નું નામ મરી પાડવા તૈયાર નથી.

ચલાલાના વરિષ્ઠ પત્રકાર પ્રકાશ કારીયાના મામીનુ નિધન : ઘેરો શોક

ચલાલા, તા. ૨૪

ચલાલાના વરીષ્ઠ પત્રકાર પ્રકાશભાઈ કારીયાના મામી હર્ષાબહેન કિશોરભાઈ ખીરૈયાનું ઉ.વ. ૬૬ નિધન તા. ૨૩/૫/ના અમરેલી ખાતે થતા સમસ્ત રઘુવંશી સમાજ સહિત ખીરૈયા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. સદ્ગત હર્ષાબેન માયાળુ, હસમુખા અને પરોપકાર સ્વભાવના અને ધર્મ પારાયણી અને સતસંગી હતા. કોઈ પણ પ્રકારની બિમારી નહી હોવા છતા તા. ૨૩/૫/ ના સવારના ૯:૦૦ કલાકે એકાએક જોરદાર હાર્ટ એટેક આવી જતા તેઓનું અવસાન થયેલ હતુ, સદ્ગત હર્ષાબહેને પોતાના મોટા દિકરા અલ્કેશભાઈ ઉ.વ. ૪૫ જેઓ જન્મથી સાવ અપંગ હોય ત્યારે સદ્ગત હર્ષાબહેને પોતાના છેલ્લા શ્વાસ સુધી પોતાના મોજ, શોખ બાજુ પર પડતા મુકી અપંગ પુત્ર અલ્કેશભાઈની અકલ્પનિય અદભુત સેવા કરી ઉતમ માતાનું ઉદાહરણ પુરૂ પાડયું છે. સદ્ગત હર્ષાબહેન ઓર્ચીતા પોતાના વ્હાલ સોયા પરિવાર ને છોડીને જતા રહેતા ખીરૈયા

પરિવારમાં ભારે કલ્પાંત થવા પામ્યું હતુ, સદ્ગત હર્ષાબહેનના નિવાસ સ્થાનેથી તા. ૨૩/૫/ સાંજના ૫:૩૦ કલાકે નિકળેલી સ્મશાન યાત્રામાં રઘુવંશી સમાજ સહિત દેવળીયા ગામના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ખીરૈયા પરિવારના દુ:ખમાં સહભાવી બની સાંત્વના પાઠવી હતી. સદ્ગતનું ઉઠમણું અને પ્રાર્થના સભા તેમજ પિયરપક્ષની સાદડી તા. ૨૫/૫/ શનિવાર સાંજના ૪ થી ૬ લોહાણા મહાજનવાડી–અમરેલી રાખેલ છે.

નશો ચડે તેવું પીણું લઈ આવવાનું કહીને

બાબરાનાં ચરખા ગામનાં બસ સ્ટેન્ડ નજીક યુવક ઉપર લોખંડનાં પાઈપ વડે હુમલો

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાના ચરખા ગામે રહેતા સંજયભાઈ અરજણભાઈ ઉગરેજીયા નામનાં ૩૫ વર્ષિય યુવકતા. ૨૩ ના ૧૨ વાગ્યે પોતાના ઘરેથી ચરખા બસ સ્ટેશન બેસવા જતા હોય. ત્યારે તેજ ગામે રહેતા આરોપી ભુપતભાઈ ચંદુભાઈ ઉગરેજીયાએ યુવકને બોલાવી કંઈક નશો ચડે તેવું લાવી આપવાનું કહી માથાકૂટ કરી ગાળો આપતા યુવકે ગાળો આપવાની ના પાડતા આરોપીએ યુવકના વાળ પકડી માથું ખેંચી કેરી વાહન સાથે ભટકાવી મુંઢ ઈજા કરી દરમ્યાન બીજો આરોપી સુરેશભાઈ એભલભાઈ ઉગરેજીયા આવી જતા તેણે પણ યુવકને ગાળો આપી કેરી વાહનમાંથી લોખંડનો પાઈપ કાઢી યુવકને માથામાં ત્રણેક ઘા મારી જીવલેણ હુમલો કરી માથામાં ગંભીર ઈજા કર્યાની બાબરા પોલીસમાં આઈ.પી.સી. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ ફરિયાદ નોંધાઈ છે.

તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીની માંગ

અમરેલીનાં તરવડાથી સરંભડા ગામ સુધીનાં માર્ગની બંને બાજુ જંગલ કટિંગ કરો

માર્ગ મકાન વિભાગનાં કર્મચારીને પત્ર પાઠવ્યો

અમરેલી તા. ૨૪

અમરેલી તાલુકા કોંગ્રેસના પ્રમુખ મનિષ ભંડેરીએ માર્ગમકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે અમરેલી તાલુકાંના તરવડા ગામથી સરંભડા ગામ સુધીના ૫ કી.મી. અંતરના રોડની બંને સાઈડ ગાંડા બાવળનું સામ્રરાજય જામી ગયું છે, જેને

લીધે વાહન ચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી પડે છે અને રોડની બંને સાઈડના ગાંડા બાવળ રોડ ઉપર આવી ગયા હોવાથી અવાર–નવાર અકસ્માતો સર્જાય છે, જેથી લોકોને પડતી હાલાકીને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે ગાંડા બાવળને દુર કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

વાહન ચાલકોની આંખો અને સ્વાસ્થ્ય ચેકઅપ માટે

પિપાવાવ પોર્ટ ખાતે ટ્રાફિક શાખા અને આરટીઓ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો

પીએસઆઈ વી.વી. ગોહિલ અને આરટીઓ અધિકારી શાહે નિયમોની જાણકારી આપી

અમરેલી, તા. ૨૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના એ.પી. એમ.સી. ટર્મિનલ પીપાવાવ પોર્ટ ખાતે અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા તથા આરટીઓ કચેરી અમરેલી દ્વારા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ તથા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ મેડીકલ કેમ્પની શરૂઆતમાં એપીએમસી ટર્મિનલ પીપાવાવ પોર્ટના કલબ હાઉસ ખાતે ડ્રાઈવરોને અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પેકટર વી.વી. ગોહિલ તથા આરટીઓ ઈન્સ્પેકટર એમ.વી. શાહ દ્વારા ટ્રાફિકના નિયમો અંગે જાણકારી આપવામાં આવેલ અને માર્ગ સુરક્ષા માટે કયા કયા નિયમો અને કાયદાનું પાલન કરવાનું છે.

તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યાર બાદ પીપાવાવ પોર્ટની મેડીકલ ટીમ દ્વારા ડ્રાઈવરોની આંખો તથા બ્લડ પ્રેશર સહિતનું મેડીકલ ચેકઅપ કરવામાં આવેલ અને જરૂરી સારવાર સુચવવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના વાહનો ચલાવતા ડ્રાઈવરોએ બહોળી સંખ્યામાં આ મેડીકલ કેમ્પનો લાભ લઈ ચેકઅપ કરાવેલ હતું.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું

અમરેલીની એ.આર.ટી.ઓ. કચેરી ખાતે અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ

હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાનુની કાર્યવાહી કરાશે

અમરેલી તા. ૨૪

અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃતિ કરી રહેલા ઈસમોના પવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમનો ભંગ કરનાર સામે ધી ઈન્ડિયન પીનલ કોડ–૧૮૭૦ની કલમ–૧૮૮ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે સજાને પાત્ર થશે. આ હુકમ અન્વયે ફરજ પામનાર સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ–૩) કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા એ.આર.ટી.ઓ કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કેન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે. આ હુકમ તા. ૨૨ જુલાઈ, ૨૦૨૪ સુધી અમલી રહેશે.

સંપુર્ણ સારવાર વિનામુલ્યે કરવામાં આવી

અમરેલી નવજીવન જનરલ હોસ્પિટલમાં મહિલા દર્દીની કિડનીમાં ૧૭૧ પથરી કાઢવાનુ સફળ ઓપરેશન કરવામાં આવ્યું

ડો. જય માંકડિયા, ડો. પંકજ ચાવડા, ડો. રાજન કકૈયાની ટીમે ઉમદા કાર્ય કર્યુ

અમરેલી તા. ૨૪

અમરેલી જીલ્લામાં સામાન્ય રીતે કિડનીની પથરી રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે. એ જ રીતે અમરેલીના વતની મહિલા દર્દીને છેલ્લા ઘણા સમયથી પડખામાં દુખાવો થતો હતો જેની સામાન્ય સારવાર કરતા દુખાવામાં રાહત થઈ જતી હતી જેથી આ રીતે ઘણો સમય પસાર થઈ ગયો હતો અને વધારે દુખાવો થતા નવજીવન જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે નિદાન તથા જરૂરી રીપોર્ટ કરાવતા જાણવા મળ્યું કે જમણી બાજુની કીડની સંપૂર્ણ પણે પથરીથી ભરાયેલી છે અને ખુબ મોટી સંખ્યામાં પથરીઓ છે.સામાન્ય રીતે આ પ્રકારના ઓપરેશન અમદાવાદ, રાજકોટની મોટી હોસ્પિટલોમાં થતા હોય છે તથા

ખુબ મોટી સંખ્યામાં પથરી હોવાથી ૨–૩ વાર જરૂર મુજબ ઓપેરેશન પણ કરવું પડે.પરંતુ હવે આપણા અમરેલીમાં નવજીવન જનરલ હોસ્પિટલ ખાતે તમામ આધુનિક સુવિધાઓ અને અદ્યતન સાધનો હોવાથી આ પ્રકારના ઓપેરેશન નવજીવન જનરલ હોસ્પીટલમાં શકય છે. આ જ રીતે આ મહિલા દર્દીનું કિડનીની પથરીનું ઓપેરેશન કરવામાં આવ્યું હતું અને જયાં ૨–૩ ઓપેરેશનની જરૂર પડે ત્યાં માત્ર આધુનિક સાધનોની મદદથી માત્ર એકજ ઓપેરેશનમાં ૧૭૧ જેટલી પથરી કાઢવામાં આવી હતી અને આ ઓપેરેશન સંપૂર્ણ સફળ રહ્યું હતું. આટલી મોટી સંખ્યામાં પથરીઓ નીકળ્યા બાદ દર્દી અને દર્દીના સગાઓ પણ નવાઈ પામ્યા હતા. લાંબા સમયનો દુખાવો દુર થતા દર્દીને પણ ખુબ હાશકારો થયો હતો. આ સંપુર્ણ સારવાર સુવિધા યોજના અંતર્ગત વિનામૂલ્યે આપવામાં આવી હતી જેથી દર્દી અને દર્દીના સગા દ્વારા હોસ્પીટલની ડોકટર ટીમ ડો.જય માંકડિયા, ડો.પંકજ ચાવડા, ડો.રાજન કકૈયા તથા હોસ્પીટલની તમામ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

વન વિભાગ કહે છે કે વન્ય પ્રાણીઓનાં હિતમાં કામગીરી થાય છે

સિંહ સહિતનાં વન્ય જીવો માટે પાણીનાં ૫૦ પોઈન્ટ કાર્યરત

કેટલાકમાં સૌર અને પવન ઉર્જાથી તો કેટલાક પોઈન્ટમાં ટેન્કરથી પાણી પહોંચાડાઈ છે

વન્ય પ્રાણીઓનાં પીવાના પાણી માટે વધુ ૧૭ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા

વન્ય જીવોને પીવાના પાણી માટે ભટકવું ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી

મીડિયાજગતે વન વિસ્તારનાં પ્રાણીઓની સમસ્યા અંગે અહેવાલ પ્રસિધ્ધ કરતાં તંત્રએ વિગતો જાહેર કરી

અમરેલી, તા. ૨૪

તાજેતરમાં સમગ્ર રાજયમાં અનેક વિસ્તારો ઉષ્ણ લહેર છે. આ સ્થિતિમાં વન્યજીવોને પાણી મળી રહે તે માટે અમરેલી વન તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાં શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા સિંહ સહિતના વન્યજીવોને ઉષ્ણ લહેરથી બચાવવા માટે પીવાના પાણીના પોઈન્ટની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પોઈન્ટ પર સમયાંતરે પાણી રિચાર્જ કરવામાં આવે છે. વન્યજીવોને તરસ છીપાવવા માટે દૂર સુધી જવું ન પડે તે હેતુ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. એશિયાઈ સિંહોના રહેણાંક વિસ્તાર એવા અમરેલી જિલ્લાના વિસ્તારોમાં સિંહો માટે વિશેષ કાળજી લેવાનો પ્રયાસ વન તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.

વન વિભાગ દ્વારા વિવિધ પ્રકારે આ પોઈન્ટ પર પાણી ભરવામાં આવી રહ્યું છે. જે પૈકીના કેટલાક સૌર અને પવન ઉર્જાથી સંચાલિત છે તો કેટલાક પોઈન્ટ પર ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે અમરેલી જંગલ વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો માટે પીવાના પાણીના ૫૦ પોઇન્ટ કાર્યરત છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અમરેલી જંગલ વિસ્તારમાં વન્યજીવો માટે પીવાના પાણીની વધુ સગવડ થાય તે માટે નવા ૧૭ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. આ વ્યવસ્થા અંગેની સમીક્ષા કરવાના હેતુથી પાલીતાણા-શેત્રુંજી વન્યજીવ વિભાગના નાયબ વન સંરક્ષક જયન પટેલ દ્વારા વનવિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. નાયબ વન સંરક્ષકએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

ઐતિહાસિક ઈમારતોની મરામત કરવાની કોઈને ઉતાવળ નથી

હે રામ : દામનગરમાં ભયજનક ઈમારતો દૂર કરવાને બદલે માત્ર સુરક્ષિત અંતર જાળવવા તંત્રએ સુચના આપી

ઘણી વખત સરકારી તંત્રની કાર્યવાહીથી જનતાને થાય છે આશ્ચર્ય

દામનગર, તા. ૨૪

વહીવટી-સરકારી-સ્થાનિક તંત્ર અને જવાબદાર લોકોની ગંભીર બેદરકારીને કારણે દામનગરમાં શહેરની મધ્યમાં આવેલ ૧૫૦ વર્ષ જુની ત્રણ સરકારી ઈમારતો જર્જરિત (ભયજનક) થઈ ગયેલ હોવાના બોર્ડ મૂકેલા છે. તો શું કોઈ વ્યકિત કે પશુઓનો ભોગ લેવાય પછી વિકાસ... વિકાસની મોટી-મોટી વાતો કરતાં લોકો દોડશે. આ ત્રણ ઈમારતો (વહીવટી કચેરી, પોલીસ સ્ટેશન અને ગ્રામ પંચાયતની ઈમારત -(તો) ૧૫ વર્ષથી વધુ સમયથી જર્જરિત થઈ ગયેલ હોય માર્ગ અને મકાન પેટા વિભાગ નંબર ૨, અમરેલી હસ્તકની આ ઈમારતોમાં અંદર બોર્ડ મૂકી દીધા છે કે ભયજનક મકાન હોવાથી સુરક્ષિત અંતર જાળવવું. અરે ભાઈ, ભયજનક હોય તો પછી વિના વિલંબે આ ત્રણેય મકાનો જમીનદોસ્ત કરી નાખો...!! કોઈ વ્યકિત કે પશઓનો ભોગ લેવાય પછી તંત્ર દોડશે...!! આ ઈમારતોની વચ્ચે નગરપાલિકાએ, સફાઈ કામદારોએ સફાઈ કરીને એકઠો કરેલ કચરો ભેગો કરવા માટે મુકેલ કચરા પેટીને કારણે પ્રદૂષણ વધતું જાય છે. આ જગ્યાએ સવારથી સાંજ સુધીમાં સફાઈ કામદારોની ત્રણ વખત હાજરી પૂરાયછે. સફાઈ કામદારો ઉપર મોત ઝળુમ્બતુ

હોય છે...!! તે સ્થાનિક તંત્રને ખબર જ છે તો પછી આંખ આડા કાન કેમ કરે છે...!!! શું સફાઈ કામદારો પ્રત્યે હમદર્દી કેમ નહિ..!! આ જગ્યાએથી મુકેલ કચરા પેટી અન્ય સ્થળે લઈ જવાની જરૂર છે. આ ઈમારતની પાછળ નાના બાળકો ક્રિકેટ રમતા હોય છે તો શું જાનહાનિ થાય એમાં સ્થાનિક કે જિલ્લાના તંત્રને રસ છે...!! સમજીએ કે નગરપાલિકા આ બાબતે કાંઈ ન કરી શકે, પરંતુ જિલ્લામાં બેઠેલા અધિકારીઓને ધ્યાન દોરી આ ત્રણેય મકાનો ઉતારી લેવા કાર્યવાહી કરવામાં જો મોડું થશે તો મોટી દુર્ઘટના થવાની શકયતા નકારી શકાય નહી. તાજેતરમાં યોજાઈ ગયેલ લોકસભાની ચૂંટણીમાં લડેલા ઉમેદવારો, સ્થાનિક ધારાસભ્ય અને કહેવાતા આગેવાનો આ વિષયને લઈને જલ્દીમાં જલ્દી નિર્ણય લેવરાવે તે જરૂરી છે. લોકોની સુરક્ષાની જવાબદારી જેમની પાસે છે તેઓ મૌન બન્યા છે. ચૂંટણી સમયે ઉમેદવારને જીતાડવા મતદારો પાસે જવાનો સમય છે. (સત્તામાં આવવા માટે) જયારે આવા ગંભીર પ્રશ્ન માટે કાર્ય કરાય તો કાર્યકર કહેવાય, બાકી બધું, હાકયે રાખો- ધબકતા ગુજરાતમાં..!!

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
માઝુતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
માઝુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

પગદંડી/લેખન

સુખની શોધમાં આપણે

– શ્રી રવજીભાઈ (કાચા સાહેબ)

''તેન ત્યક્તેન ભૂન્જિથા'' ત્યાગીને ભોગવી જાણ. ''પણ આપણે ગ્રહીને, સ્વીકારીને જન્મેલા છીએ. મારું મારું કરી ઢમઢોલ બની જવા માગીએ છીએ. જગતમાં જે કંઈ સારું, ઉતમ, શ્રેષ્ઠ છે તે બધું મારું છે, મારું થાય. આપણે ચાલે તો આપણે આપણી જાત સિવાય કોઈનું અસ્તિત્વ સ્વીકારવા તૈયાર જ નથી પણ જયારે આપણા જીવનમાં, રસ્તામાં, કામમાં બીજું કોઈ આવે છે ત્યારે દુઃખની શરૂઆત થાય છે.પશુ પક્ષીનું ભેટ ભરાઈ જાય છે પછી સોનાનું હોય તોય છોડી દે છે પણ એક માણસ એવી જાત છે કે જેનું પેટ મન ભરાતાં જ નથી. આપણું ભેટ, મન કાણાવાળા લોટકા જેવું છે. કયારેય ભરાતું જ નથી. ''સુખ સુખ સબ રટે સુખ સમજે ન કોઈ એક બાર સુખ સમજે દુઃખ કયારે ન હોય સાચું ને શાશ્વત સુખ શેમાં છે એની સમજણ આપણને નથી એટલે જ વિચારકો કહે છે કે સાચું સુખ સમજણમાં છે. આ કાનામાતર વિનાનો ''સમજણ''

શબ્દ જ સાચા સુખની વ્યાખ્યા છે. સંસ્કૃતમાં સુખની વ્યાખ્યા આપતા કહ્યું કે, ''યો વૈ ભૂમા તત્સખમ'' સુખ વ્યાપકતામાં છે. આપણી માની લીધેલા ખ્યાલો સંકુચિત દષ્ટિ એકાંગી વિચારધારા, પૂર્વ ગ્રહોથી જ ઉદ્ભવે છે. આપણા પ્રસિદ્ધ સાત્યિકાર વાર્તાકાર ધૂમકેતુ તેમની પોસ્ટ ઓફિસ વાર્તામાં લખે છે, ''માણસ પોતાની દષ્ટિ જુએ તો અડધું જગત શાંત થઈ જાય. ''પણ એનાથી ઊલટું જ થઈ રહ્યું છે.

આજે સર્વત્ર ઘરમાં બહાર રાજકારણ સમાજ શિક્ષણ ધર્મમાં જે તનાવ છે તેનું મુખ્ય કારણ માત્રને માત્ર સ્વકેન્દ્રીપણુ છે. આપણે એ ભુલી ગયા છીએ કે આપણી સાથે કામ કરવાનું શોષણ નહીં પણ પોષણ કરવાનું છે. એવી દષ્ટિ હોય તો કેવો ફરક પડી જાય ? હઠાગ્રહ જગ્યાએ સ્વીકાર, ન્યાય, વિવેક અને વિશાળ દ્રષ્ટિ સુખ અને શાંતિ આપે છે. સમગ્ર સૃષ્ટિની પાછળ એકતા છે અને પરસ્પર સહુ ચેતનાના એક જ પ્રવાહ સાથે સંકળાયેલા છે. અન્ય માટે છોડવું તે જ સુખ છે. ''વસુધૈવ કુટુંબકમ'' ની ભાવના મરી પરવારી છે. બોલાવામાં ભાષણ કરવામાં સારું લાગે છે પણ વર્તનમાં ? વિનોબાજીનું કથન અહીં નોંધવું ઉચિત ગણાશે, ''સુખ અને દુઃખના સૂક્ષ્મ સંસ્કૃત અર્થો છે. ''ખ'' એટલે આકાશ. જયાં આકાશ સુલભ છે તે સુખ છે અને જયાં આકાશ દુર્લભ છે તે દુઃખ છે.'' સુખમાપતિતમ સેવ્યમ દુઃખામાપતીતમ તથા ।

ચક્રવત પરિવર્તન્તે દુઃખાની ચ સુખાની ચ ।

મહાભારત અનુસાર અનાયાસ આવેલા સુખનું તેમજ દુઃખનું સેવન કરો. ગાડા પૈડાની જેમ સુખ અને દુઃખ ફર્યા જ કરે છે અર્થાત આવતું જતું રહે છે. કવિ કહે છે, ''છે માનવ જીવનની ઘટમાળ એવી સુખ અલ્પ થકી દુઃખથી ભરેલી'' પણ એક વાત નિશ્ચિત છે દુઃખી થવું કે સુખી થવું એ આપણા દ્રષ્ટિકોણ, વલણ પર નિર્ભર રહે છે. આપણે વિધાયક રીતે જોઈએ તો સુખ અને દુઃખ પણ. મરીજનો એક શેર છે...બસ એટલી સમજ મને પરવર દિગાર દે સુખ જયારે જયાં મળે ત્યાં બધાના વિચાર દે. સુખ કે દુઃખ કોઈ ગાંધીને ત્યાં વચતા મળતા નથી અન્યથા આપણે સુખ વધુ ને વધુ ખરીદી લેત. કોઈના ભાગે સુખ આવવા જ ન દેત. સુખ અને દુઃખ માનસિક છે.

આપણું મન જયારે બહાર ભટકવા લાગે છે ત્યારે દુઃખ અનુભવે પણ જયારે એની અપેક્ષાઓ ફળીભૂત થાય છે ત્યારે એ પોતાના સ્થાનમાં પાછીં ફરે છે અને સુખ અનુભવે છે. એ આત્મા છે. ટૂંકમાં સુખઃદુખ મનના કારણ છે સુખ મેળવવાના સરળ ઉપાયો બતાવતા શ્રી માતાજી લખે છે, હંમેશા પ્રેમાળ રહો, ટીકાઓથી દૂર રહો, બધું ખરાબ છે એમાંથી બહાર આવો, બધું પ્રભુ કૃપાથી જ થાય છે ખેમ મન બનાવો તો અંદર અને બહાર, આસપાસ શાંત આનંદનાખ સુખનુ વાતાવરણ ફેલાઈ જશે. પરિણામે તમે સુખ અને શાંતિ અનુભવશો.''આપણા જીવનમાં ત્રણ પ્રકારના દુઃખ છે. આધિવ્યાધિ અને ઉપાધિ અથવા આધિ દૈવિક આદિ ભૌતિક અને આધ્યાત્મિક. આ ત્રણેય દુઃખોમથી છૂટવા માટે, શાંતિ મેળવવા શાંતિ પાઠ કરીએ છીએ. એનું રહસ્ય એ છે કે આપણા જીવનમાં આ ત્રણ પ્રકારના દુઃખો ન આવે અને પરમ શાંતિ બની રહે. ''સર્વમ પરવશમ દુઃખમ સર્વમાત્મા વશમ સુખમ બીજા ઉપર અવલંબિત છે તે બધું દુફખ છે અને જે પોતા પર આધારિત છે તે બધું સુખ છે કારણ કે સર્વ લોક પોતાના સુખ માટે વલખા મારતા હોય છે, એ મને તમને કયાંથી સુખ આપી શકવાનું હતું ? કહે છે ને ગોધન ગજધન, વાજીધન સબ ધન શતન ખાન, જબ આવે સતોષ ધન સબ ધન ધૂરી સમાન.

મેળવેલું ઝૂટવી લીધેલું સુખ વધુ વખત ટકતું નથી. જગતના તમામ ધનમાં સંતોષરૂપી ધન સર્વશ્રેષ્ઠ છે. સંતોષ મનુષ્યને પૂર્ણ બનાવે છે. એનો અસંતોષ નિર્મૂળ પામે છે અને આધ્યાત્મિક રૂપે ભરપૂર બની જાય છે.

જન્મથી લઈ મૃત્યુ પર્યત સુખદુઃખની ઘટમાળ ફર્યા જ કરવાની. આપણે જાણીએ છીએ કે સુખ કે દુઃખ શાશ્વત નથી. પેલા પાણીના રેટની માફ. ભરાય છે અને ખાલી થાય છે. દિવસ રાત થાય છે, અંધારાને પ્રકાશ દૂર ભગાડે છે એમ દુઃખ એ સુખનો પૈગામ લઈને આવે છે, પણ દુઃખમાં આપણે દુઃખી થઈએ છીએ, હરેરી જઈએ છીએ અને પછીઉતાવળિયા નિર્ણયોથી સુખી થવાને બદલે દુઃખી થવાનો વારો આવે છે અથવા આપણી દુર્ગતિ થાય છે, માત્ર સુખ જ આપણું જીવન એમ માની લેવું અર્ધ સત્ય છે. જો જીવનમાં દુઃખ ન હોય તો તેની પાછળ આવતા સુખનો અહેસાસ કયાંથી થશ ?

મહાભારતના યુદ્ધ બાદ કૃષ્ણ વિદાય લે છે ત્યારે માતા કુંતાને કૃષ્ણ માગવાનું કહે છે ત્યારે કુંતા કહે છે, ''વિપદ સંતુ ન શશ્વત.'' ''હે પ્રભુ ! '' અમારા ઉપર સર્વદા વિપતિઓ વરસાવજો'' કૃષ્ણએ નવાઈ પામી પૂછયું, ''માતા આવું કેમ માગ્યું ? ''ત્યારે કુંતા માતા જવાબ આપે છે, ''દુઃખમાં હોઈશું તો તમારું સ્મરણ રહેશે, તમારાથી નજીકો રહેશું. અમે કયારેય તમારાથી દૂર થવા ઈચ્છતા નથી'' આવી પડેલ દુઃખમાં આપણે ઈશ્વરની નજીક હોઈએ છીએ પણ જેવું દુઃખ મટયુ દૂર થયું કે, ''પીડા મટીને વૈદ્ય વેરી ''જેવી દશા આપણી થાય છે. પછી આપણે ઈશ્વરને ભૂલી સુખ વૈભવમાં ગળા ડૂબ બની જઈએ છીએ.અંતમાં એક મજૂર રાજાને કહે છે, ''મહાજન થોડી જગ્યા આપોતો એક ઝૂંપડી બનાવી રહી શકુ''. રાજાએ કહ્યું, ''ભાઈ જો આ બધી મારી જગ્યા છે, તું સાંજ સુધીમાં જેટલી જમીન પર ચાલીસ એટલી જમીન તારી. ''પેલો મજૂર ખુશ થઈ ગયો. સ્વપ્ના જોવા લાગ્યો. ને તેણે વિચાર્યુ ચાલે મારી બલા. હું દોડીશ. ખુબ મોટી જમીન મેળવીશ. અને તે મજૂર માડયો દોડવા હજી વધુ ને જયારે રાજા પાસે પહોંચ્યો ત્યારે ઢળી પડયો ને પરલોક સીધાવી ગયો.

બસ મજુરની માફક જ આપણી દોટ સુખ પાછળ છે. પણ એની પછી જે દૂરગતિ થવાની છે એનો આભાસ થતો નથી. માટે જે મળ્યું છે એ પર્યાપ્ત છે સોનાનું છે, વધુ કંઈ જોઈતું નથી, એટલું જો કહી શકીએ તો જગતમાં આપણી જેટલું કે જેવું કોઈ સુખી નહી હોય. કહે છે ને ભાગ્યથી વધુને સમયથી પહેલા કશું જ મળતું નથી. સુખ દુફખના સંબંધ સંદર્ભે કરસનદાસ માણેક આમ કહે છે, ''દુઃખની ઉપયોગીતા જો કોઈ હોય તો એ એ છે કે તે માણસને પ્રભુની સમીપ લઈ જવામાં સુખ કરતા દુઃખ વધુ સહાયભૂત બની શકે છે. દુઃખ માણસને મૂઢ રીઢો ક્રૂર ને કઠોર બનાવી શકે છે. જયારે સુખમાં માણસ જો જાગૃત હોય તો સુખની આત્મસંહારક અસરથી મુકત રહી શકે છે.''સુખી થવાનો કે સુખ મેળ વવાનો એક જ રાજમાર્ગ છે સંતોષ.

મંગલમ ભવતુ.

વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી
– સંપાદક : રવજીભાઇ કાચા.

બાલ એક્સપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

પરસોત્તમ ફોજદાર – દોલત ભટ્ટ

અમરેલી ખાતે આભમાંથી અગન ઊતરી રહી છે. ધરતીનાં પડ તરડાઈ ગયાં છે. પંખીઓ માળામાં જંપી ગયાં છે. પશુઓ ઘેઘુર વડલાના શીળા છાંયે વાગોળી રહ્યાં છે.એવા ટાણે અમરેલીની અદાલતનો અંગ્રેજ ન્યાયાધીશ ઈન્સાફનું ત્રાજવું તોળીને બેઠો છે. ગોરા અમલદારુંની ભૂરી આંખ્યું પીંજરામાં ઊભેલા બહારવટુ આદરીને જીવતા જલાયેલા ખૂંખાર બહારવટીયા ગોદડાવાળા, જેઠસુરવાળા, ગોલણવાળાને નાજાવાળા માથે મંડાઈ રહી છે. અમરેલીના પંથકમાં ગામડામાં બોકાસો બોલાવી દેનાર આ ખૂંખાર બહાવટિયાઓને કાનૂની કલમે કારાવાસમાં ધકેલી દેવા ગોરો ન્યાયાધીશ પડેલા પુરાવાના સાંધા સાંધી રહ્યો છે. અદાલતના અંગ્રેજ ન્યાયાધીશની પડખે દવેનુખનો પરસોતમ નામનો પટાવાળો ખડે પગે ઊભો છે. કદાવર અને કસાયેલી કાયા, કરડાકીભરી આંખ્યું. જોરાવર ભુજાઓ, વિશાળ ભાલ, દાઢીના થોભીઆ ને માથે ભરાવદાર મૂછોએ મગરૂર બ્રાહ્મણ બચ્ચાના અંગ માથે જોરાવરી જાણે જામોડો લઈ રહી છે. ઘોળેદી એઘાડ પાડીને રૈયતના પટારા ઊઘડાવનાર વેપારીની હાટડીયુંના હડફા ખાલી કરાવી પંડયાના ખડિયા ભરનાર બાવડાના બળિયા પાંજરે પુરાયેલ સિંહ જેવા શોભી રહ્યા છે. વગડો વેઠીને કરડા અને કંટા બની ગયેલા બહારવટિયાઓને નજરે નિરખવા અદાલતની ઓસરીમાં માણસો માતાં નથી. અદાલતના ઓરડાના ઊંબરે બે ગાયકવાડી પોલીસ પહેરો ભરી રહ્યા છે. અદાલતના ઓરડાની દીવાલ ઉપર ટાંગેલા રોમન આંકડાવાળી ઘડિયાળના લોલકે ત્રણના ટકોરા પાડયા ને ચારેય બહારવટિયાના કાન ચમકયા. ચારેયની નજર ભીંત માથ મંડાણી આ કાળ ઝાળ બહારવટિયાઓની આંખ્યુંએ શું જોયું ! ભીંત માથે આંટીએ ચડાવીને ટીંગાતી બેય બાજુ બબ્બે ઉઘાડી તલવાર જોઈને બીજી પળેચારેય બહારવટિયાની નજરું ભીંત ઉપરથી પાછી વળીને વાતુએ વળગી. સામસામા સંકેત થયા. છાતીઢંક પીંજરામાંથી ચારેય જણા ચિતો શિકાર માટે ત્રાપ મારવા છંલાગ મોર એમ ઠેક મારીને પીંજરા બહાર નીકળી ભીંત ટીંગાતો તેગો ઉતારી બારણે પહેરો ભરતા સિપાઈઓને પડકાર કર્યો – 'ઊભા રહેજો પેટભરા !' બહારવટિયાનો હાકોટો સાંભળતા પોલીસ ભાગ્યા. અદાલતની ઓસરીમાં ચોખાવાળી થઈ ગઈ. જોવા આવેલું માણસ મુઠિયું વાળીને ભાંગ્યું. જાણે મોત પાછળ પડયું ! કંટાળા તાર ઠેકતાંકને ઘરના મારગ માથે દોટું દીધી. કેટીઓના હાથમાં હથિયાર

ભાતીગળ સૌરાષ્ટ્ર

આવી ગયાનું જાણીને અંગ્રેજ ન્યાયાધીશ અંદરની ઓરડીમાં જઈને ઓરડીના બારણાં દઈને ભોગોળ ભીડી દીધી. બારણેથી પાછા વળેલા ચારેય બહારવટિયાએ ન્યાયાધીશને ઠાર મારવા ઓરડી તરફ દોટ દીધી. પટાવાળા પરસોતમ દવેને થયું કે ભૂંડી થાશે. પતનુંય મોડું કરીશ તો ચારેય જણાની ઝીંક ઓરડીનું જાહલ બારણું ઝીલી નહિ શકે. ચારેય જણાની પાટું ભેળું બારણું મિજાગરામાંથી ઊખડી જાશે. ન્યાયાધીશને આંખના પલકારામાં વેતરી નાખશે. પરસોતમે બે જણાને બાથ ભરી બન્ને પડખામાં ભીંસ્યા. એજોઈને બીજા બે પૂગ્યા. ઉઘાડી તલવારે આવતા બીજા બે બહારવટિયાઓને પણ પરસોતમ દવેની જોરાવર ભુજાએ ભરડો લીધો. બહારવટિયા પરસોતમ દવેની ભીંસમાંથી છૂટવા તલવારના ઘસરકા કરી રહ્યા છે. પરસોતમની કાયામાંથી લોહીના રેલા ઊતરી રહ્યા છે. પણ દવે કુળનો બહાદુર બચ્ચો મચક આપતો નથી. અદાલતમાં ચારેય બાવડે અજગર–ભરડો લઈને બાથોબાથનું જુદ્ધ ખેલતા બ્રાહ્મણને જોઈને ગોરો અમલદાર તાજૂબ થઈ ગયો.પોલીસ બેડામાં ખબર પડતાં જ ગાયકવાડી ફો જ છૂટી. અદાલતના ઓરડામાંથી ચારેય બહારવટિયાને જીવતા ઝલી દીધા. ત્યારે પરસોતમ દવેના દેહ ઉપર તલવારના બ્યાસી ઘસરકા થયા હતા. ઝોળીએનાખી પરાક્રમી પરસોતમ દવેને દવાખાને લઈ ગયા ત્યારે પરસોતમ દવે બેભાન હતા. પરસોતમ દવેની બહાદુરી ઉપર આફરીન થઈ ગયેલા અંગ્રેજ ન્યાયધીશે શ્રીમંત સરકારને વડોદરે વાવડ મોકલ્યા કે આવા બહાદુર માણસની રાજયે કદર કરવી જોઈએ. ન્યાયાધીશની ભલામણનો તાકીદે અમલ કરવામાં આવ્યો. પરસોતમભાઈ દવેને સોનાનો ચાંદ અને બાર બોરની બે નાળી બંદૂકનું ઈનામ આપી એની બહાદુરીને વડોદરા રાજયે બિરદાવી અને પટાવાળામાંથી બઢતી આપી ફોજદાર તરીકે નિમણૂંક આપી. (નોંધ : આ બનાવ ઈ.સ. ૧૯૦૦ના વર્ષમાં બન્યો હતો.)

વિસરાયેલા સમુદ્ર સંસ્કાર

શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

ગુજરાત પાસે ૧૬૦૦ કિ.મી. નો વિરાટ દરિયા કિનારો છે પરંતુ આશ્ચર્યની વાતથ છે કે પાછલી સદીઓમાં જે ગુજરાતના વાવટા દુનિયાભરના બંદરો ઉપર ફરકતાં હતાં એ ગુજરાતના દરિયાથી પ્રજા લગભગ વિમુકત થઈ ગઈ છે. સમુદ્ર સ્વયં એક તીર્થસ્થાન છે અને એનો સાક્ષાત્કાર મનુષ્યને વિશાળતા, ગહનતા અને ગંભીરતા આપે છે. આપણે જાણે કે દરિયાકિનારે બાળકોને લઈ જવાની જવાબદારી શાળાના પ્રવાસ આયોજકોને જ સોંપી દીધી છે. એવું પણ બને છે કે ગુજરાતીઓ યુવાન થાય ત્યાં સુધી એને દરિયામાં ન્હાવાનો એક પણ મોકો મળ્યો ન હોય. સમુદ્રનું દર્શન જેમણે પૂર્ણિમાની રાત્રીએ કર્યુ હોય એમને જ ખબર હોય કે તોફાની દરિયો કેવો હોય. આટલી વિરાટ જળ રાશિનો મધરાતે થતો ઘૂઘવાટ ભર્યો સાક્ષાત્કાર મનુષ્યને એક વિશિષ્ટ અનુભવલોકમાં લઈ જાય છે. સમુદ્રદર્શન એ માનવજીવનના એક મહત્વનાં પ્રાકૃતિક સંસ્કાર છે અને એની દીક્ષા બાળકોને સમયાંતરે સતત મળતી રહેવી જોઈએ. સમુદ્રમાં સફર તો સમુદ્ર દર્શનથી પણ વધુ રોમાંચક હોય છે. પ્રવાસના શોખીન પરિવારો પણ પોતાના બાળકોને દરિયાદેવ પાસે લઈ જવાનું ચુકી જતા હોવાનું જોવામાં આવ્યું છે. દરિયાની રેતીમાં ઘર બનાવ્યા વિનાનું કે સમી સાંજે સમુદ્ર કિનારે ઊંટ કે ઘોડા પર સવારી કર્યા વિનાનું બાળપણ કેવી રીતે કલ્પી શકાય ?

સાચા કામનો સાચો આનંદ

માધવ અને માનવ બંને એક જ નોકરી કરે. માધવ ગરીબ ઘરનો છોકરો. તેનાં માતા–પિતાએ પેટે પાટા બાંધીને તને ભણાવ્યો હતો. માધવ પણ ભણવામાં હોશિયાર હોવાથી સ્વબળે આગળ વધી પોતાની રીતે શાળામાં શિક્ષકની નોકરીએ લાગી ગયો.

આ શાળામાં માનવ પણ તેની સાથે જ નોકરીએ લાગ્યો. માનવ પોતાનાં માતા–પિતાનું એક માત્ર સ્વચ્છંદી સંતાન. અભ્યાસ સાવ

સામાન્ય. બોર્ડ અને યુનિવર્સિટીની પરીક્ષામાં પણ માંડ માંડ પાસ થયેલ. ગર્ભશ્રીમંત પિતાનો પુત્ર અને પાછા તેના પિતાને રાજકારણી સાથે ઘરોબો આથી પૈસા અને લાગવગના જોરે શિક્ષકની નોકરીએ ચડી ગયો. નોકરીને બે વર્ષ પૂરાં થવા આવ્યાં ત્યાં માનવ નોકરીથી કંટાળી ગયો. માધવ સાહેબના કલાસમાં બધા છોકરાઓ શાંતિથી બેઠા હોય અને સાહેબ એવું સરસ ભણાવે કે ટાંકણી પડે તો પણ તેનો અવાજ સંભળાય. એક દિવસ માધવ સાહેબ નિશાળે ન આવ્યા હોય તો પણ છોકરાઓને મજા આવે નહીં. જયારે બીજી બાજુ માનવ સાહેબના કલાસમાં બેસવા કોઈ વિદ્યાર્થી રાજી ન થાય. પરાણે બેસે તોપણ ખોટો ગણગણાટ ચાલુ જ હોય. વિષયવસ્તુનું પૂરંતુ જ્ઞાન ન હોવાથી ભણાવવામાં ન માનવ સાહેબને મજા આવે કે ભણવામાં ન વિદ્યાર્થીઓને. એક દિવસ રિસેસમાં માનવ સાહેબને કહ્યું, ''હું આ નોકરીથી કંટાળી ગયો છું. બે વર્ષ થયાં છતાં મને આ નોકરીમાં મજા આવતી નથી. વિદ્યાર્થીઓ પણ મને સાથ આપતા નથી.''''ખોટું ન લાગે તો તમને એક

વાત કહું.'' માધવ સાહેબ બોલ્યા.''ના ના મને જરાય ખોટું નહીં લાગે.'' માનવ બોલ્યા. સાંભળો ''તો સાંભળો તને ઈલેકિટ્રક વસ્તુ અને મોબાઈલમાં ખૂબ જ સૂઝ પડે છે. તું તારા ગમતા વિષયમાં કામ કરે, તો તે કામનો આંનદ પણ આવશે અને પૈસા મળશે.'' માધવ સાહેબ બોલ્યા. ''પણ તમે શું કહેવા માંગો છો તે હું કંઈ સમજયો નહીં. તમે મને વિસ્તારથી સમજાવો.'' માનવ સાહેબ બોલ્યા. ''જો વાત એમ છે કે તારા પાસે પૈસા છે, આથી તું ટીવી, ફ્રિઝ અને મોબાઈલની સારી કંપનીની એજન્સી રાખ અને એક શો રૂમ ચાલુ કર. તેમાં તને આ નોકરી કરતા, ઘણા બધા પૈસા મળશે અને કામનો આંનદ પણ મળશે.''આ વાત માનવ સાહેબના ગળ.ઊતરી ગઈ. માનવે જલદીથી રાજીનામું આપી ટીવી, ફ્રિઝ અને મોબાઈલનો શોરૂમ શરૂ કર્યો. રસનો ધંધો અને આવડત હોવાથી ટૂંક સમયમાં માધવભાઈએ ખૂબ પ્રગતિ કરી. હવે તેને તેના સાચા કામનો આનંદ પ્રાપ્ત થયો.

બાલમિત્રો,



વાલ્મિકી ઋષિનું નામનો તમે સંભળ્યું જ હશે. તમે એ પણ જાણતા હશો કે વાણિયો લુંટારો હતો. તે તેમાંથી તે વાલ્મિકી ઋષિ બન્યા. લુટારામાંથી ઋષિ બનવું અહેલું નથી. એની નાનકડી કથા પણ તમે સાંભળી હશે. મહા વાંધમ્ર બાણિયો લુંટારો હતો. માણસોનાં આંગણા કાપી તેનો હાર બનાવી પહેરતો હતો. આવા ભયાનક લુંટારાને એક ગુરૂ મળી ગયા. કોણ ગુરૂ હતાં ખબર છે. ભગવાન બુધ એમણે ઉપદેશ આવ્યો ને તેમનો શિષ્ય બની ગયો.

આ વાર્તા પાછળનો હેતું એ દરેક જો સાચા મનથી, હૃદયથી ઉપવાસના કરવામાં આવે તો ભગવાનને પણ આવવુ પડે. પ્રહલાદની વાત કયા અજાણી છે. ધમધગતા થાંભલામાં પણ પ્રહલાદને ભગવાન દેખાર્યા. ધ્રુવ પણ એવો જ ભગવાનનો ભકત હતો. તુલસીદાસ પણ એવા જ રામભકત હતાં. એમનું નામ રામબોલો હતું. એમાંથી તોવો રામાયણના લેખક બન્યા. આજે સમાજમાં વર્ષોથી તુલસી રામાયણના પાઠ કરવામાં આવે છે. રામકથા પણ કહેવામાં આવે છે.

બાલમિત્રો, જીવનમાં સારા ને સાચા ગુરૂ મળવા જોઈએ.

વાર્તા : રામબોલામાંથી તુલસીદાસ

આત્મારામ દૂબેના ઘરમાં એક વિચિત્ર બાળકનો જન્મ થયો. મોંમાં ૩૧ દાંત હતાં. શરીર ખૂબ વજનવાળું. તેનું નામ 'રામબોલા' રખાયું. થોડા સમય પછી બાળકની માતાનું મૃત્યુ થયું.

'રામબોલા' પાંચ વર્ષનો થઈ ગયો. તે દાસીને જ પોતાની માતા સમજતો. પરંતુ બાળકનાં નસીબમાં આ માતાનું પણ સુખ ન હતું. દાસી પણ મૃત્યુ પામી. તે એકલો થઈ ગયો, તેની સંભાળ માટે કોઈ ન હતું.

ભૂખ્યો બાળક રસ્તે રઝળતો, રડતો, કોણ ખાવા આપે ? કોણ હાલરડું ગાઈ સુવાડે ? કોણ પહેરવા કપડાં આપે ? બાળક ભીખ માગીને ખાવા લાગ્યો. તેને ભરપેટ ભોજન કયારેય ન મળતું. સૌ તેને ધુત્કારતા. જયાં જગ્યા મળતી ત્યાં સૂઈ જતો.

ભુખ–તરસ, અપમાન અને દુઃખ સહન કરતાં–કરતાં તે દસ વર્ષનો થઈ ગયો. એક દિવસ તે મેલો–ઘેલો એક ઝાડની નીચે બેસી રડતો હતો. તેવા સમયે એક સ્વામીજી ત્યાંથી પસાર થયા. ફેરવી પૂછયું – ''બેટા શું તું એકલો છો ? મારી સાથે આવવું છે ?''બાળક ખૂબ રોઈ પડયો. આજે તેને કોઈએ 'બેટા' કહ્યું હતું. સ્વામીજી લઈ ગયા. સ્વામીજીએ સુવિખ્યાત પંડિતોને બોલાવી રામબોલાની જનોઈવિધિ કરી અને 'રામમંત્ર'ની દીક્ષા પણ આપી. તેને જાણે નવું જીવન મળી ગયું. ભ્રમણ કરતાં–કરતાં સ્વામીજીએ રામબોલાને રામકથા સંભળાવી. જેની તેના પર ઊંડી અસર થઈ. થોડા સમય પછી સ્વામીજી તેને અયોધ્યાથી કાશી લઈ ગયા. કાશીમાં બીજા ગુરુ પાસે રહી પંડિત થયો અને



પછી પોતાના ગામ આવી રામબોલાએ લગ્ન કર્યા.

એકવાર રામબોલા બાજુના ગામડે કથા કરવા ગયા હતા. પત્ની રત્નાવલી પિયર હતી. ત્રણ–ચાર દિવસે તેઓ આવતા રત્નાવલીને સાસરે તેડવા ગયા. તેમને આવેલા જોઈ રત્નાવલી નાખુશ થઈ અને ખૂબ ખીજાઈ ! રામબોલાના મનમાં તેનો ખૂબ આઘાત લાગ્યો. તેણે વિચાર્યુ ''મોહ–માયા બધું નકામું છે.'' તે બોલ્યા – ''રત્ના તું મારી પત્ની જ નહિ ગુરૂ પણ છે. તેં મને સાચું જ્ઞાન આપ્યું છે.'' રામબોલા તે જ સમયે ચાલી નીકળ્યાં, રામની શોધમાં, હવે તે સ્વતંત્ર હતા.

રામબોલા પ્રથમ પ્રયાગ પહોંચ્યા. અને સાધુનોવેશ ધારણ કર્યો. હવે રામબોલામાંથી તે સંત તુલસીદાસ બની ગયા હતા. પછી કાશી પહોંચ્યા. ત્યાં જ તુલસદાસના મનમાં રામકથા લખવાનો વિચાર આવ્યો. તે અયોધ્યા પહોંચ્યા અને સંવત ૧૬૩૧,

રામનવમીના દિવસે તેઓએ રામકથા લખવી શરૂ કરી.તે લખતા બે વર્ષ, સાત મહિના અને છવ્વીસ દિવસો થયા. આ રામકથા 'રામચરિત માનસ'ના રૂપે પૂર્ણ થઈ, તે અવધી ભાષામાં હતી. સંત ગોસ્વામી તુલસીદાસ 'રામચરિત માનસ' ના રૂપમાં આજે આપણી વચ્ચે છે. આ ગ્રંથે લાખો લોકોને સાચો રસ્તો બતાવ્યો. એક નિરધાર બાળક માનવ જાતિનો સાચો આધાર બન્યો, આ એક અદભુત ઉદાહરણ છે.

હુતાત્મા સુખદેવ

જન્મ : ૧૫ મે, ૧૯૦૭
વીરગતિ : ૨૩ માર્ચ, ૧૯૩૧

લાહોરમાં ક્રાંતિકારી સંગઠન દ્વારા ચલાવવામાં આવતી બોમ્બ બનાવવાની ફેકટરની જોખમભરી જવાબદારી સંભાળતા સુખદેવ થાપર પંજાબના લુધિયાણા પાસેના નૌધરા ગામના વતની હતા. તેમનો જન્મ ૧૫ મે, ૧૯૦૭ ના રોજ થયો હતો. તેમના ગામમાં થાપર વંશનું ખૂબ વર્ચસ્વ. ત્યાં તેમનો એક કિલ્લો પણ હતો. સુખદેવે ત્રણ વર્ષે પિતાનું છત્ર ગુમાવેલું. કાકા ચિન્તારામના આશ્રયે એ મોટા થયેલા. કાકા ચુસ્ત આર્યસમાજી. કોંગ્રેસના પણ સક્રિય કાર્યકર. કાકાની આ દેશભકિતમાંથી પ્રેરણા લઈને જ સુખદેવ સ્વાતંત્ર્યસેનાની બન્યા. પરંતુ એમણે અહિસાના માર્ગે ન વળતાં સશસ્ત્ર ક્રાંતિનો ક્રાંતિનો માર્ગ પસંદ કર્યો. વિધવા માએ દીકરાને પરણાવવા માટે આગ્રહ કર્યો ત્યારે તેમણે જવાબ આપેલો કે, 'મા, મારે ઘોડીએ નહિ, ફાંસીએ ચડવું છે.' આવા વિચાર સાથે જ ઉચ્ચ અભ્યાસ માટે સુખદેવ લાહોર ગયા. ત્યાં હવે શું બાકી રહે ? ત્યાં એમને જે જોઈતું હતું એ મળી ગયું. ક્રાંતિકારીઓ શિવ વર્મા, ભગવતીચરણ વોરા અને જયદેવ કપૂરનો એમને ભેટો થઈ ગયો. હવે શું બાકી રહે ? સુખદેવે હોસ્ટેલ છોડી મકાન ભાડે રાખ્યું. જે પછી ભગવતસિંહ અને રાજગુરૂને લાહોર બહાર સલામત રીતે પહોચાડવાની પણ એમની ભૂમિકા મહત્વની રહી. આ ઘટનાના બીજા જ વર્ષે ભગતસિંહે એમ્બલીમાં બોમ્બ ફેંકયો. અંગ્રેજ સરકાર હવે ક્રાંતિકારીઓને કોઈ પણ સંજોગોમાં છોડવા માગતી નહોતી. આડેધડ ધરપકડ કરવા માંડી. એના સપાટામાં સુખદેવ પણ આવી ગયા. લાહોરમાંની એમની બોમ્બ બનાવવાની ફેકટરી પણ છાપો મારવામાં આવ્યો. જેમાંથી પિસ્તોલ, ગોલ્ડન રિસ્ટવોચ, કેટલાંક સજીવ બોમ્બ અને રસાયણો મળી આવ્યાં. એજ ઘડીએ એમની ધરપકડ કરી લેવામાં આવી. સુખદેવ એકદમ સ્વસ્થ હતા. સજીવ બોમ્બ ફુટે નહિ એની કાળજી લેવાની પોલીસને મશકરીભરી ટકોર કરવાનું ન ચૂકયા. લાહોરની જેલમાં સુખદેવને ભગતસિંહનો ફરીને ભેટો થયો. ભગતસિંહ ભૂખ હડતાળ પણ ઊતર્યા તો એની પાછળ સુખદેવે પણ ઉપવાસ શરૂ કર્યા. તબિયત કથળી. ક્રાંતિકારી યતીન્દ્રનાથ દાસના મૃત્યુ પછી સરકાર થોડી સજાગ બની. બળપૂર્વક સુખદેવના મોંમાં નળી નાખી નાખી પાણી પિવડાવવામાં આવ્યું. ભૂખ હડતાળમાંથી તો સુખદેવ બચ્યાં, પણ અદાલતે એમને ન બચાવ્યા. ફાંસીની સજા સંભળાવવામાં આવી. ક્રાંતિકારી મિત્રો ભગતસિંહ અને રાજગુરૂ સાથે આ ચોવીસ વર્ષના યુવાન ક્રાંતિકારી પર આખરે 'વંદેમાતરમ'ના ઘોષ સાથે ૨૩મી માર્ચ,૧૯૩૧ના દિવસે ફાંસીના માંચડે ચડી ગયા. તેમની યાદમાં આજે પણ આ દિવસ 'શહીદ દિવસ' તરીકે મનાવાય છે.

શેરની માથે સેવા શેર

શ્યામલાલ નામનો એક માણસ ખૂબ જ હોશિયાર હતો. તે લોકોને ચાલાકીથી પોતાની જાળમાં ફસાવતો અને તેમનાં પૈસા, કપડાં વાહન, પશુ વગેરે પડાવી લેતો અને મોજ કરતો.

એક દિવસ શ્યામલાલ બજારમાં જતો હતો. તેણે જોયું કે કાકડીથી ભરેલી એક ગાડી આવી રહી છે. તાજી–તાજી કાકડી તેણે કપટથી ખાવા માટે એક યોજના બનાવી. તે ગાડીવાળા પાસે પહોંચ્યો અને મીઠી મીઠી વાતો કરતાં બોલ્યો : 'ભાઈ, તમારી કાકડી તો ખૂબ જ સારી છે. આવી કાકડી તો મેં ક્યાંય જોઈ નથી.'

શ્યામલાલે કહ્યું, ''મિત્ર ! તું નકામો કાકડી વેચવા માટે દૂર જાય છે. તું ઈચ્છે તો હું તને આ હેરાનગતિમાંથી છૂટકારો અપાવું.''

'હું કાકડીનું આખું ગાડું ખાઈ જાઉં, બોલ !' ગાડીવાળાને આ સાંભળીને આશ્ચર્ય થયું.

ગાડીવાળો જોરથી હસ્યો. 'તું આટલી બધી કાકડી ખાઈ જઈશ ? એવી વાત કોણ માને ?' કહ્યું, ''જો તું બધી કાકડી ખાઈ જઈશ, તો હું તારી પાસેથી તેના પૈસા નહી લઉં.''

શ્યામલાલે શરત કબૂલી લીધી. ગાડીવાળાએ કહ્યું, 'બીજી પણ એક શરત છે.'

'તે કઈ ?' શ્યામલાલે પૂછયું

'કાકડી ખાઈ લીધા પછી તારે એક લાડવો પણ ખાવો પડશે. જો તું આમ નહીં કરે તો તારે કાકડીની કિંમત આપવી પડશે. બોલ, શરત મંજૂર છે ?' બન્ને શરત પાકકી કરી.



શ્યામલાલ તો કાકડી ઉપાડી, એક બટકું ખાઈને ગાડીમાં રાખવા લાગ્યો. આવી રીતે તેણે બધી કાકડી થોડી થોડી ખાઈને ગાડીમાં પાછી રાખી દીધી. પછી ગાડાવાળાને કહ્યું, 'હવે લાડવો આપ.'

ગાડીવાળો હેબતાઈ ગયો. તે બોલ્યો : 'અરે ! તેં કાકડી ખાધી છે જ ક્યાં ? એંઠી કરીને ગાડીમાં ફેંકી દીધી છે. શ્યામલાલે કહ્યું, ''ચાલો બજારમાં જઈએ. ત્યાં તું કાકડીનો ગ્રાહક ગોતજે. ત્યારે તને મારી વાતની ખાતરી થઈ જશે.''

બંને બજારમાં ગયા. ગાડીમાં કાકડી જોઈ એક–બે ગ્રાહક આવ્યા. પણ એ લોકો કાકડી જોઈને બોલ્યા, ''અરે, આ તો ખાધેલી છે. અમારે આવો માલ નથી જોઈતો !''

ગાડીવાળાએ કહ્યું, 'સારું ! હજી તો તારે લાડવો પણ ખાવાનો છે.'

'એક લાડવો શું, હું તો બે–ત્રણ લાડવા ખાઈ જાઉં !' શ્યામલાલે હસીને કહ્યું. ગાડીવાળાએ કહ્યું, 'હું હમણાં જ લઈને આવું છું.' થોડીવાર પછી ગાડીવાળો લાડવો લઈને આવ્યો. તેણે એક લાડવો શ્યામલાલે લાડવો જોયો ત્યારે તેના ગુસ્સાનો પાર ન રહ્યો. ''આ લાડવો નથી, તેં તો મને માટીનો લાડવો આપ્યો છે.'' 'છે તો લાડવો જ ને, તે માટીનો હોય કે બુંદીનો ! મેં તને લાડવો ખાવાનું કહ્યું હતું.' ત્યારે શ્યામલાલની અકકલ ઠેકાણે આવી. તે માટીનો લાડવો કેવી રીત ખાઈ શકે ? પછી તેને બધી જ કાકડીની કિંમત આપવી પડી.

શેરની માથે સવા શેર એ આનુ નામ.

સાહસી શૌર્ય

ઉતરાખખંડ રાજયનું રૂદ્રપ્રયાગ નામે ગામ. લગભગ દસેક વર્ષ પહેલાંની વાત છે. સુયાગ અને સુકીર્તિ નામે પતિપત્ની વસે. તેમને ત્યાં શૌર્ય નામનો એક દીકરો. આમ તો સુકીર્તિ શૌર્યની જન્મ આપનારી મા નહોતી. શૌર્યના જન્મ વખતે જ તેની માંનુ મૃત્યુ થયું હતું, આથી સુયાગે ફરીથી સુકીર્તિ સાથે લગ્ન કર્યા હતા, પરિણામે સુકીર્તિ તેની અપરમા હતી, અને અપરમાની બધી જ કુટેવો સુકીર્તિમાં હતી. સુકીર્તિ ફળિયાનાં ચાર ઘેર કપડાં વાસણ કરવાનું કામ કરતી. ચારે ઘરનાં કપડાં એક તગારામાં ભરી નદીએ ધોવા જતી. શૌર્યને નિશાળ ભણવા મૂકવાની ના તો સુયાગે ચિંતા કરીકે ના સુકીર્તિએ. તેને એક બે સારામાંની કુહાડીઓ લઈ આપી, જંગલમાંથી લાકડાં કાપી લાવી વેચવાનું કામ શોર્યને સોંપી દીધું.

બિચારો શોર્ય..! આખો દિવસ કાળી મજૂરી કરે, લાકડાં કાપે અને સાંજે શેરીઓમાં ફરી ફરીને લાકડાં વેચે ત્યારે માંડ તેને રાતે ખાવા વધ્યું ઘટયું મળતું અને સૂવા ઓટલો મળતો.

દસ સાડા દસ વરસની ઉમરે પણ શોર્ય મોટો યુવાન થઈ ગયો. હોય તે રીતે વર્તતો હતો. માનો અભાવ બાળકોને સમય પહેલા જ મોટાં બનાવી દે છે અને શોર્ય એવાં કમભાગી બાળ કોમાંનો એક હતો.તેદિવસે તો તેને કદાચ થોડો ઘણો તાવ ચઢયો હતો, કામ કરવાનું દિલ થતું નહોતું. તેને લાગ્યું કે અશકિતના લીધે આજે તેનાથી લાકડાં કપાશે નહીં, એટલે તે ઘેર આવવા નીકળ્યો.

રસ્તામાં જ નદી આવતી હતી. તે નદીની નજીક પહોંચવાની તૈયારીમાં જ હતો કે તેને બૂમો સંભળાઈ, '' બ..ચા...વો... બ..ચા...વો... કોઈ

બચાવો..'' તેના કાન સરવા થયા આ તો તેની મા સુકીર્તિની જ બૂમો છે...! શું થયું હશે મારી માને ? તેણે ઝડપ વધારી નદીઓ આવી જોયું તો તેની માનો એક પગ મોટા વિશાળકાય મગરે પકડી લીધો હતો. મગર તેની માને ખેંચીને નદીમાં લઈ જતો હતો. કોઈને મદદ માટે બોલાવવા જવાયુ કે બુમો પડયા એટલો પણ ટાઈમ નહોતો. શોર્યે કોઈપણ પ્રકારનો લાંબો વિચાર કર્યા વિના જ નદીમાં કુહાડી લઈ ભૂસકો માર્યો. તેની માનો પગ મગરનાં વિશાળ મોઢામાં હતો. કુહાડીનો ફનો બહારની બાજુ રહે તે રીતે જોરથી કુહાડીનો ઘા મગરના મોઢામાં કર્યો, જેથી કુહાડીનો ફનો તેની માના પગમાં ના વાગે, અને પછી જોરથી કુહાડી બહારની તરફ ખેંચી, જેથી મગરનું મોં બહારથી ચિરાઈ જાય અને તેની માનો પટ છૂટો થાય. મગર પણ અચાનક થયેલ હુમલાના કારણે બેબાકળો બની ગયો. તેને સુકીર્તિનો પગ છોડી દીધો અને શોર્યનો પગ પકડી લીધો. પણ શોર્ય હવે પાછો પડે એમ નહોતો, તેણે જોરજોરથી કુહાડી મગરનાં મોઢામાં ફેરવવા માંડી, એટલે મગર ગભરાઈ ગયો અને તેને પણ પડતો મૂકી નદીના પાણીમાં ઉતરી ગયો. ત્યાં સુધીમાં તો ગામ લોકો ભેગા થઈ ગયા હતા. તેમણે બેભાન થઈ ગયેલ શોર્યને અને તેની માને દવાખાનમાં દાખલ કર્યા. શોર્યની સમય સૂચકતા અતને સાહસના કારણે આજે સુકીર્તિનો જીવ બચી ગયો હતો. ગામ લોકોએ શોર્યને દુઃખ દેનારી તેની માને સાહસથી, પોતાનો જીવ જોખમમાં મુકીને બચાવનાર શોર્યનું સમ્માન કર્યુ. રાજય સરકારે પણ તેનું શૂરવીર ચંદ્રક આપી સમ્માન કર્યુ.

આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો

પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી

શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧– વિષયોમાં વૈરાગ્ય ન આવે, ત્યાં સુધી ભકિતનો આરંભ થતો નથી.
૨– આંખને શકિત આપે છે મન. મનને શકિત આપે છે બુદ્ધિ અને બુદ્ધિને શકિતઆપે છે પરમાત્મા.
૩ – કર્મ કરો પણ કર્મનું ફળ ભોગવવાની ઈચ્છા ન રાખો.
૪ – જુવાનીમાં જેને વૈરાગ્ય આવે અને સંયમ કરી ભજન વધારે તો તેને વૃદ્ધાવસ્થામાં ભગવાનની પ્રાપ્તિ થાય છે.
૫– જુવાનીમાં કામને મારો જુવાનીમાં સંપતિ છે, છતાં વિષયમાં મન જતું નથી તે વૈરાગ્ય.
૬ – ચાર વસ્તુઓમાં પરમાત્માએ માયા રાખી છે.
(૧) ભોજનમાં મન ફસાય છે.
(૨) દ્રવ્યમાં મન ફસાય છે.
(૩) કપડામાં મન ફસાય છે.
(૪) ઘરમાં મન ફસાય છે (સ્ત્રીની નિંદા નથી, કામસુખની નિંદા છે.)
૭ – મનમાં કોઈને રાખશો તો તે પ્રભુ ભજનમાં વિઘ્ન કરશે.
૮ – જગતના કોઈ પદાર્થમાં એટલો સ્નેહ ન કરવો કે જે સ્નેહ તમારી પ્રભુભકિતમાં વિઘ્ન કરશે.
૯ – વિષયોમાં ચિંતન કરવાથી આત્મશકિતનો નાશ થાય છે.
૧૦– ઘર છોડવાથી જરૂર નથી, પણ ઘરમાં સાવધ રહેવાની જરૂર છે.

જ્ઞાનમંજરી

ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) અદ્વૈતવાદ સિદ્ધાંતના સમર્થક કોણ હતા ? – શંકરાચાર્ય
(૨) દિલ્હી સલ્તનતની સ્થાપના કોણે કરી હતી ? – કુતુબુદ્દીન ઐબકે
(૩) કુતુબમિનારનું નામ કોના નામ પરથી પડેલું છે ? – ખ્વાજા કુતુબુદ્દીન બખ્તિયાર
(૪) હપ્પીના અવશેષ કયા સામ્રાજયની યાદ અપાવે છે ? – વિજયનગર
(૫) ઈતિહાસપ્રસિધ્ધ રાણી પદ્મિની કોની રાણી હતી ? – રાણા રતનસિંહ
(૬) સંગીતકાર અમીરખુશરો કોના સમયમાં થઈ ગયા ? – અલાઉદ્દીન ખલજી
(૭) પ્રખ્યાત હલદીઘાટનું યુધ્ધ કોની કોની વચ્ચે થયું હતું ? – અકબર અને રાણાપ્રતાપ
(૮) પાણીપતનું પહેલું યુધ્ધ કોની કોની વચ્ચે લડાયું હતું ? – બાબર અને ઈબ્રાહિમ લોદી
(૯) નૂરજહા કોની બેગમ હતી ? – જહાંગીર
(૧૦) ભારતના ઈતિહાસમાં દિલ્લીની પ્રથમ સ્ત્રીરાજયકર્તા કોણ હતી ? – રઝિયા સુલતાન

અળદળ આકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

ઓળખ

ઓળખાણને મોટી ખાણ ગણાવી છે. ઝાઝા – મોટા લોકો સાથે ઓળખાણ હોય, તેને સામાજિક મોભો ગણવામાં આવે છે. ઘણા એવા વિરલ આત્મા પણ હોય છે, જે ઓબામાને ઓળખાતા હોય, જયારે ઓબામાને આ પ્રાણીની જાણ થઈ ન હોય ! ગાયના પોલીસ અધિકારી સાથે ઓળખાણ થયા બાદ માણસ વેંત ઊંચો ચાલે, તો અખિલ બ્રહ્માંડ અધિનાયક સાથે ઓળખાણ બાદ તો આકાશે જ ઊડે ને ? (નરસિંહ – મીરાં આ વર્ગમાં આવે) અનેકને ઓળખતો માણસ ઘણીવાર પોતાને જ ઓળખતો હોતો નથી !

મારી મજાની શેરી

બંટીએ બબલીને સાંભળવા કહ્યું : ' સાંભળ બબલી, મારી શેરી મજાની છે. મારી શેરીમાં કૂતરાં, ગાય, વાછરડાં, ગધેડાં ફરે છે. ડોશીમા ઉબરે બેઠાં બેઠાં વાતોના તડાકા મારે છે. મને તો તેની વાતો સાંભળવી બહુ ગમે છે. અમારી શેરીમાં સૂરજદાદા ડોકિયું કરે છે અને

ક્યારેક તો મોઢું મચકોડે છે. ચાંદામામા તો ક્યાંય ન દેખાય . બબલી હું તો મારી શેરીમાં હાંફળી–ફાંફળી ફૂદાફૂદ કરું છું. મ્યાઉ... મ્યાઉ... કરતી બિલ્લી દોડે. હું ફટાક કરતી બારણું ખોલું ઉંદર જેમ ફેરા ફરું. બિચારીમને શોધે આમતેમ, પિંજર પોપટ બોલે એમ, એય બંટી ! તું શું કરે છે ?'કાગડાની ચતુરાઈ એક મોટું જંગલ હતું. જંગલમાં ઘણાં બધાં પશુ–પંખી રહેતાં હતાં. કાગડો કા...કા... કરતો જાય અને પોતાની ચતુરાઈ દેખાડતો જાય. એક વાર કાબરને થયુંકે, આ કાગડો જયારે રે ત્યારે પોતાની ચતુરાઈ દેખાડવા કરે છે. મારે તેની પરક્ષા લેવી છે. કાબર તો આંબાના ઝાડ ઉપર સંતાઈ જાય. કયારે કાગડો આવે તેની રાહ જુએ. એક દિવસ સવારે કાબર તો આંબાની ડાળે પાંદડાં વચ્ચે સંતાઈ ગઈ. કાબર પાકી કેરી ખાતી હતી. પણ કાગડા માટે કાચી કેરી તોડીને નીચે નાખી. કાચી કેરી પડી હતી, તે ચાંચ મારી કાગડો ખાવા ગયો. અને કેરી કાચી અને ખાટી હતી. તે સમજી ગયો અને કા... કા... કરતાં બોલ્યો : 'કાબરબહેન, તમે પાકી કેરી ખાઓ છો ને મને કાચી કેરી ખવડાવો છો ? પાકી કેરી ફેંકો. મારેય પાકીકેરી ખાવી છે !'**મારી વ્હાલી બિલ્લીરાણી** મારું નામ ધૂવા. મારા ઘરના ફળિયામાંથી, અગાસી ઉપરથી, મારી વ્હાલી બિલ્લીરાણી રોજ નીકળતી હતી. મને તે બહુ ગમતી હતી. મનેતેના વિના ગમતુંનથી. જમવાનુંભાવતું નથી. હે ! ભગવાન, તને જો મારી બિલ્લીરાણી મળે તો તમે તેને મારી પાસે મોકલજે હો ?**દાદા અમારા શિક્ષક** અમારા દાદાનું નામ નટવરભાઈ છે. અમારા દાદા અમને રમત રમાડે તેમ સામાન્ય જ્ઞાન આપે છે. દાદા અમને નવું નવું શિખવાડે છે. **શીખો બોલોદોસ્તો** ! ખેડૂત ખેતી કરે છે. કડિયો મકાન ચણે છે. વણકર કાપડ વણે છે. મોચી જોડા સીવે છે. કુંભાર માટલાં ઘડે છે. સુતાર લાકડું ઘડે છે. લુહાર લોઢું ઘડે છે. સોની સોનું ઘડે છે. દરજી કપડાં સીવે છે. ધોબી કપડાં ધૂએ છે. કાછિયો શાક વેચે છે. માળી ફૂલ વેચે છે. કાગદી કાગળ વેચે છે. તંબોળી પાન વેચે છે. કણિયો અનાજ વેચે છે. ગાંધી મરી–મસાલા વેચે છે. માણસ ઘરમાં રહે છે. ઘોડો તબેલામાં સિંહ ગુફામાં વાઘ બોડમાં રહે છે. પક્ષી માળામાં રહે છે. માછલી પાણીમાં રહે છે. કરોળિયો જાળામાં રહે છે. ઘેટાં–બકરાં વાડામાં રહે છે. સાપ, ઉંદર, દરમાં રહે છે. ગાય, ભેંસ ગમાણમાં રહે છે. મોર રાષ્ટ્રીય પક્ષી તો વાઘ રાષ્ટ્રીય પ્રાણી છે. રાષ્ટ્રીય ફુલ કમળ તો રાષ્ટ્રીય ગીત જનગણમન છે. રાષ્ટ્રીય ગાન વંદેમાતરમ છે તો રાષ્ટ્રીય ચિહન અશોકચક્ર છે. રાષ્ટ્રીય મુદ્રા લેખ સત્યમેવ જયતે છે તો રાષ્ટ્રીયધ્વજ ત્રિરંગી વચ્ચે અશોકચક્ર છે અને રાષ્ટ્રીય રમત હોકી છે.

આત્મસંયમ અને વ્રતનું મહત્વ–અમૃતલાલ યાજ્ઞિક

આગળા અંગનું ચાલુ...

– સ્વામી અખંડાનંદ સરસ્વતી

પછી એક દિવસ મેં નકકી કર્યુ કે કાલથી જમતી વખતે બોલવાનું શરૂ કરીશ. મેં એ નિર્ણય જાહેર કર્યો. જયારે જયારે હું એ વિચાર કરું છું, ત્યારે ત્યારે એ વખતે મારા પુત્રના મુખમાંથી નીકળેલો આંનદાશ્ચર્યનો ઉદગાર હજી તેવો જ તાજો ખડો થાય છે. મેં જાહેર કર્યુ કે તરત મારો નાનો પુત્ર આનંદથી નાચી ઉઠયો અને બોલ્યો : 'સાચે જ તમે કાલથી બોલશો ?' ત્યારથી મેં જમતી વખતે બોલવાનું શરૂ કર્યુ. નાથજીની સર્પદંશ મંત્ર નિયમાવલી સાથે આ પ્રસંગ અચૂક જોડાયેલો છે.''

કાકાસાહેબે આ વાત કહી ત્યારથી એમની સાવધાનતાની ચીવટ અને સાધના કેવી પ્રબળ છે તેની સબળ મુદ્રા મારા ચિતમાં અંકાઈ ગયેલી છે. કાકાસાહેબના આતંર વ્યકિતત્વના આ પ્રસંગમાંયે મને દર્શન થયાં. પ્રશંસામુગ્ધ એમની દઢતા અને સાધનાને હું વંદી રહ્યો.

ત્યાર પછી થોડા દિવસમાં જ કેદારનાથજીને મળવાનું થયું. સ્વાભાવિક રીતે જ કાકાસાહેબે કહેલો પ્રસંગ મેં તેમની પાસે વર્ણવ્યો. કેદારનાથજી એ સાંભળીને બોલ્યા :

'મને એ પ્રસંગ બરાબર યાદ છે. વર્ષો સુધી કાકાસાહેબે જમતી ખતે ન બોલવાનું વ્રત પાળ્યું હતું તે પણ હું જાણું છું. પણ એ વિશે કાકાસાહેબ સાથે મારે મતભેદ રહ્યો છે. કાકાસાહેબે પોતાની જાતને શિક્ષા કરી અને જમતી વખતે ન બોલવાનું વ્રત લીધું તે મને મુદલ નહોતું ગમ્યું. સાવધાનતા રાખવા માટે પોતાની જાતને શિક્ષા કરવાને બદલે જાગૃત રહીને જીભ ઉપર યોગ્ય સંયમ રાખવાનું વિચારવું જોઈતું હતું. ફરીથી કોઈ અડચણમાં ન મુકાય તેની સાવધાનતા માટે સંયમ કેળવવો એ જ સાચો માર્ગ હતો. કાકાસાહેબના દષ્ટિકોણથી તો મારે પણ મારી જાતને શિક્ષા કરવી જોઈએ ને ? મારે લીધે જ મેં જ એમને મુશ્કેલીમાં મૂકયા ! તો મારે મારી જાતને શી શિક્ષા કરવી ? આત્મક્રોધથી આવું વ્રત લેવાને બદલે વિવેકથી આચરણ કરવાનો દઢ નિરધાર કરવો જોઈએ એમ મારું દષ્ટિબિંદુ છે. હું વ્રતને બહુ મહત્વ નથી આપતો, કારણ કે તેમાં જડતા આવી જવાનો પૂરેપૂરો સંભવ છે. જયાં જયાં ધાર્મિક વ્રતો લેવામાં આવ્યા હો ત્યાં ત્યાં તેની કેવી દશા થાય છે એનું પૃથકકરણ અને નિરીક્ષણ કરશો તો માલૂમ પડશે. વ્રતના ખોખાને વળગી સંતોષ માનવાની વૃતિ સ્વાભાવિક છે. માટે જ વ્રત પાછળની જાગૃત રહેવાની ચીવટને જ મહત્વ આપવું ઘટે છે...''

: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

હું તો કેદારનાથજીની વાત સાંભળીને સ્તબ્ધ બની ગયો. મને આ પ્રકારનો વિચાર આવ્યો જ નહોતો. કેદારનાથજીની ચિંતનપ્રતિભાનો સાક્ષાત પરિચય થયો. 'વિવેક અને સાધનાળ' તેમનું સુપ્રતિષ્ઠિત પુસ્તક છે. તેમાં પણ વિવેકદષ્ટિ વિષેના વિચારો યાદ આવ્યા. પણ હજી તો કેદારનાથજીનું કથન વહ્યેજ જતું હતું : '' કાકાસાહેબે જમતી વેળાએ ન બોલવાનું વ્રત લીધું એ પ્રસંગે મને પણ વિચાર કરતો કરી દીધો. મારા નિયમો વિલક્ષણ પ્રકારના હોવાથી મારે જ એની સાવધાનતા રાખવછી ઘટે છે એમ મને લાગ્યું. એટલે મેં નકકી કર્યુ કે મારે કોઈની સાથે જમવા બેસવું જ નહીં. કારણ કેમારાનિયમો કયા છે તેની બીજાને શી જાણ હોય ? એટલે આવી અડચણોના પ્રસંગો ટાળવા હોય તો ઉતમ માર્ગ એ છે કે એવી પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય તેમ મારે વર્તવું જોઈએ. ત્યારથી બનતા સુધી હું કોઈની સાથે જમતો જ નથી. જમતી વેળા એકલા રહેવાનું પસંદ કરું છું. હજી સુધી એ જ માર્ગ અપનાવેલો છે. કેટલાં બધાં વર્ષો વીતી ગયાં છેઆ પ્રસંગને ! પણ મારું આચરણ આત્મરોષપ્રેરિત નથી, પણ મારા વિલક્ષણ નિયમોને અડચણ ન પડે તેનો આ માર્ગ મને ઉતમ લાગ્યો તેથી મેં વિવેકથી એ માર્ગ સ્વીકાર્યો છે.'' આવા ઉપવાસો, શું ખાવું, શું ન ખાવું વગેરે વ્રતો અનેક સ્ત્રી–પુરુષો લે છે. વિવેકપૂર્વક સંયમ રાખવો, સંયમ માટે સતત જાગૃતિ રાખવી–આમ, સંયમને જ મહત્વ આપવું જરૂરી છે એ વાત દેખીતી જ છે. પરંતુ સામાન્ય માણસને માટે આવી જાગૃતિ રાખવી મુશ્કેલ છે. કદાચ તેથી જ, સતત જાગૃતિ રાખવાના હેતુથી અને તેમ કરવાના નિશ્ચયમાંથી જ વ્રતની ભાવનાનો જન્મ થયો હશે. વ્રતને ધાર્મિક સ્વરૂપ આપવાનું એ કારણ હોય તે સમજી શકાય તેવી વસ્તુ છે એટલે વ્રત એ અમુક આચરણ કરવાનો જડ નિશ્ચય નથી, પરંતુ શુદ્ધ આચરણ માટેનો પ્રબળ સંકલ્પ છે. સતત જાગૃતિની જીવંત યાદ આપનાર નિર્ણય છે. આપણા ધાર્મિક મહાપુરુષોએ અને વિચારકોએ માનવીની સ્વભાવગત નબળાઈ જોઈને શુદ્ધ આચરણને માટે વ્રતને વ્યવહારુ માર્ગ ગણ્યો હશે એમ કલ્પી શકાય. માનવીનબળાઈને નિવારવાનું વ્રત એ અમોઘ સાધન છે. કારણ કે વ્રતનું કડક પાલન એ ધર્મ માટે આવશ્યક મનાયછે. આવાં વ્રતોને માનવી જડ આચરણનું ખોખું બનાવી દે તો તેમાં માનવી સ્વભાવમાં રહેલી નિર્બળતાનો જ સ્વીકાર છે. એટલે જ વ્રતની સાથેજ વિવેકપૂત સંયમ રાખવાની જાગૃતિ જોડાય તેમ ધર્મનિષ્ઠ માણસે વ્રતવું જોઈએ. ટૂંકામાં કહીએ તો વ્રત એ વિવેકી સંયમની જાગૃતિનું પ્રતીક છે એટલું વ્રત પાલન કરનારે બરાબર સમજી લેવું જોઈએ. દુનિયામાં કોઈ પણ ધર્મ એવો નથી જેમાં વ્રતનું અને વ્રતપાલનનું મહત્વ સ્વીકારાયું ન હોય. વ્રત એ આપણા સાચા ધર્મનિષ્ઠ સંકલ્પને દઢમૂળ બનાવે છે. વ્રતનું મહાત્મ્ય આ રીતે દરેક ધર્મે સ્વીકાર્યું તે યથાર્થ છે તે મને કેદારનાથજી અને કાકાસાહેબની વાતચીતથી સ્પષ્ટરેખ સમજાયું.

દીવાસળીની શોધ કોણે અને ક્યારે કરી ?

અગ્નિ પ્રગટાવવા માટે પહેલાંના સમયમાં ચકમક પથ્થરોનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ તેનાથી આગ પ્રગટાવવાનું કામ ખૂબ જ મુશ્કેલ, થકવી નાખનારું અને સમય બગાડનારું હતું. જોકે હવેઆપણે માચીસની મદદથી આ કામને એકદમ સરળતાથી કરી શકીએ છીએ. પણ આ માચીસ આખરે આપણને કેવી રીતે મળી તે જાણો છો ? સૌથી પહેલાં માચીસ એટલે કે દીવાસળીની શોધ બ્રિટિશ વૈજ્ઞાનિક જોન વોકર દ્વારા ૩૧ ડિસેમ્બર, ૧૮૨૭ના રોજ કરવામાં આવી હતી. તેમની દીવાસળી કોઈ પણ ખરબચડી જગ્યાએ ઘર્ષણ કરવાથી સળગી જતી હતી. શરૂઆતમાં લોકોને માચીશ વિશે બહુ જાણકારી નહોતી, તેને કારણે તે લોકો માટે ખતરનાક સાબિત થઈ હતી, કારણ,કે આ દીવાસળીને કારણે અનેક દુર્ઘટનાઓ થઈ હતી.

શરૂઆતમાં એક લાકડી પર ગુંદર, સ્ટાર્ચ, એન્ટીમની સલ્ફાઈડ, પોટેશિયમ કલોરેટનો લેપ બનાવીને તે લાકડી પર લગાવવામાં આવ્યો અને તેને સુકાવા માટે મૂકી ત્યારબાદ તેનેએક ખરબચડી જગ્યાએ ઘસવામાં આવતા આગ પ્રગટી અને આ રીતે દીવાસળીની શોધ થઈ. દરેક વસ્તુની જેમ દીવાસળીનો પણ ઈતિહાસ છે. અત્યારે છે તેવી એક જ પ્રયત્નમાં નથી બની ગઈ. અનેક સદીઓનાં સંશોધનો પછી તે આપણને મળી છે. ઈ.સ. ૧૬૮૦માં સર રોબર્ટ બોયલ દ્વારા સૌથી પહેલી દીવાસળી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેમણે કાગળના એક ટુકડાની સાથે ફોસ્ફરસને લપેટી લીધું અને લાકડીના એક અલગ ટુકડાની સાથે સલ્ફરને લગાડયું. જયારે લાકડીને કાગળના મધ્યભાગમાંથી ખેંચવામાં આવતી હતી ત્યારે તેમાં આગ લાગતી હતી. જોકે, તે સમયે ફોસ્ફરસ મેળવવાનું કામ બહુ મુશ્કેલ હતું. તેથી આ સંશોધનને કોઈ ખાસ સફળતા ન મળી. ઈ.સ. ૧૮૯૨માં જોશુઆ પુસીએ અત્યારે વપરાય છે તેવી દીવાસળીની નોંધ કરી અને ડાયમંડ મેચ કંપનીએ જોશુઓની પેટન્ટને ખરીદી લીધી. – પ્રશાંત પટેલ

આ મારું ચિત્ર છે

દાફડા જાનવી જયંતીભાઈ
(ધો.૨થ–૬ રૂપાયતન સ્કુલ અમરેલી)

દાફડા જાનવી જયંતીભાઈ
(ધો.૬ – રૂપાયતન સ્કુલ– અમરેલી)

દાફડા જાનવી જયંતીભાઈ
(ધો.૬ – રૂપાયતન સ્કુલ– અમરેલી)



દાફડા જાનવી જયંતીભાઈ
(ધો.૬ – રૂપાયતન સ્કુલ– અમરેલી)

ક્રૂરતાની હદ વટાવી

પાંચ દીકરી થતાં પતિએ ગર્ભવતી પત્નીનું પેટ ચીરી ચેક કર્યું

કોર્ટે ગર્ભવતી પત્નીનું પેટ ચીરવાના આરોપમાં પતિને દોષિત ઠેરવતા આજીવન કેદની સજા સંભળાવી છે તેની સાથે તેને ૫૦ હજારનો દંડ પણ લગાવ્યો છે

બદાયૂં,તા.૨૪

દીકરાની લ્હાયમાં એક પતિએ પોતાની પત્ની સાથે ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી હતી. આ અત્યંત હિચકારી મામલામાં બદાયૂની એક કોર્ટે ગર્ભવતી પત્નીનું પેટ ચીરવાના આરોપમાં પતિને દોષિત ઠેરવતા આજીવન કેદની સજા સંભળાવી છે. તેની સાથે તેને ૫૦ હજારનો દંડ પણ લગાવ્યો છે. એડીજીસી મુનેન્દ્ર પાલ સિંહે શુક્રવારે જણાવ્યું કે, અપર સત્ર ન્યાયાધીશ ત્વરિત ન્યાયાલય સૌરબ સક્સેનાએ ગુરુવારે મોડી સાંજે પન્નાલાલને આજીવન કારાવાસની સજા સંભળાવી. તેના પર ૫૦ હજાર રુપિયાનો દંડ પણ લગાવ્યો. દંડ ન આપવાની સ્થિતિમાં તેને વધારે છ મહિના જેલમાં રહેવું પડશે. મુનેન્દ્ર પાલ સિંહે મામલાની જાણકારી આપતા કહ્યું કે, સિવિલ લાયન્સ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ઘોંચા નિવાસી ગોલૂએ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમાં તેણે આરોપ લગાવ્યો હતો કે તેની બહેન અનીતાના લગ્ન શહેરના નેકપુર વિસ્તારમાં રહેતા પન્નાલાલ સાથે થયા હતા. ફરિયાદ અનુસાર, અનીતાના લગ્ન બાદ પાંચ દીકરીઓને જન્મ આપ્યો. આ કારણે તેનો પતિ પન્નાલાલ સતત તેને ત્રાસ આપતો હતો અને બીજા લગ્ન કરવાની ધમકી આપતો હતો. તેમણે જણાવ્યું કે, ઘટનાના સમયે ૩૦ વર્ષની અનીતા આઠ મહિનાની ગર્ભવતી હતી. આ દરમ્યાન એક દિવસ પન્નાલાલ ઘરે આવ્યો અને અનીતા સાથે ઝઘડવા લાગ્યો. સિંહે જણાવ્યું કે, ત્યાર બાદ તે બોલ્યો કે તું છોકરીઓ જ પૈદા કરે છે. આ વખતે તારુ પેટ ફાડીને જોઈશ કે તેમાં છોકરો છે કે છોકરી. ફરિયાદ અનુસાર, ત્યાર બાદ પન્નાલાલે અનીતાને પેટ ચીરી નાખ્યું, જેનાથી અનીતાના આંતરડા બહાર આવી ગયા અને આઠ મહિનાના શિશુંનું ગર્ભપાત થઈ ગયું. બાદમાં ખબર પડી કે, આ બાળક છોકરો જ હતો. આ કેસ અનુસાર, ગંભીર હાલતમાં અનીતાને બરેલીની હોસ્પિટલમાં દાખલ કરાવી તેની સારવાર કરાવી. ગોલૂની ફરિયાદ અનુસાર, પોલીસે કેસ દાખલ કરી કોર્ટમાં લઈ ગયા.

સીનિયર પોલીસ ઓફિસર આલોક પ્રિયદર્શીએ જણાવ્યું કે, તપાસ પુરી થયા બાદ આરોપી વિરુદ્ધ કોર્ટમાં આરોપપત્ર દાખલ કર્યું અને મામલામાં નિયમિત સુનાવણી થઈ. તેમણે જણાવ્યું કે, સ્પેશિયલ કોર્ટે પન્નાલાલને દોષિત ઠેરવતા આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ લગાવ્યો છે. હાલમાં પન્નાલાલની ઉંમર ૩૮ વર્ષ છે.

શેરબજારની તેજીની વચ્ચે ઉદ્યોગપતિની નેટવર્થમાં વધારો

મુકેશ અંબાણીથી એક જ ક્રમ પાછળ છે ગૌતમ અદાણી

એક સપ્તાહમાં સંપત્તિ ૯ બિલિયન ડોલર વધી

મુંબઈ, તા.૨૪

શેરબજારમાં તેજીની વચ્ચે ભારતીય ઉદ્યોગપતિઓની નેટવર્થમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા થોડા દિવસોમાં અદાણી ગ્રુપની કંપનીઓના શેરમાં તેજી જોવા મળી છે. જેનો સીધો ફાયદો અદાણીની નેટવર્થમાં થયો છે. તાજેતરના બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સના જણાવ્યા મુજબ છેલ્લા એક સપ્તાહમાં ગૌતમ અદાણીની સંપત્તિ ઝડપથી વધી છે. પહેલા તેમણે ૧૦૦ બિલિયન ડોલર ક્લબમાં બીજી વખત એન્ટ્રી મારી અને હાલ તેમની નેટવર્થ ૧૦૯ બિલિયન ડોલર છે. એટલે કે એક સપ્તાહમાં અદાણીની સંપત્તિમાં ૯ બિલિયન ડોલરનો વધારો થયો છે.

બ્લૂમબર્ગની અબજોપતિઓની યાદીમાં ગૌતમ અદાણી હાલમાં ૧૩મા ક્રમે છે. મુકેશ અંબાણી તેમનાથી માત્ર એક ડગલું આગળ છે. હાલમાં મુકેશ અંબાણી એશિયાના સૌથી અમીર વ્યક્તિ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થ લગભગ ઁ૧૧૪ બિલિયન છે. અબજોપતિઓની યાદીમાં ગૌતમ અદાણી સંપત્તિમાં મુકેશ અંબાણી કરતાં લગભગ ૫ અબજ ડોલર પાછળ છે.

જો રેકની વાત કરીએ તો બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં મુકેશ અંબાણી ૧૨મા સ્થાને છે જ્યારે ગૌતમ અદાણી ૧૩મા સ્થાને છે. તમને જણાવી દઈએ કે, આ અઠવાડિયે અદાણી ગ્રુપની તમામ ૧૦ કંપનીઓના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. જોકે, શુક્રવારે ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા દિવસે અદાણી ગ્રુપની કંપનીઓના શેરમાં થોડું દબાણ જોવા મળી રહ્યું છે. રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ શેરબજારમાં પણ પ્રોફિટ બુકિંગનો દબદબો છે.

બર્નાર્ડ આર્નોલ્ટ બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં ટોચ પર છે, તેમની કુલ સંપત્તિ ઁ૨૧૧ બિલિયન છે, જેફ બેઝોસ બીજા સ્થાને છે, ટેસ્લાના વડા એલોન મસ્ક ત્રીજા સ્થાને છે, માર્ક ઝકરબર્ગ ચોથા સ્થાને છે, લેરી પેજ પમાં સ્થાને છે. બિલ ગેટ્સ તેના છઠ્ઠા નંબર પર એક સ્થાન પાછળ છે.ઉલ્લેખનીય છે કે શુક્રવારે શેરબજારમાં નવો રેકોર્ડ બન્યો છે. સેન્સેક્સે ૭૫૫૦૦નો આંકડો પાર કર્યો છે, જ્યારે નિફ્ટીએ ૨૩૦૦૪ પોઈન્ટનો રેકોર્ડ સ્પર્શ કર્યો છે.

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સમાચાર

૨૪ જૂનથી શરૂ થશે ધોરણ ૧૦-૧૨ની પૂરક પરીક્ષા

વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયની પૂરક પરીક્ષા લેવાશે ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં ૩૨,૭૪૦ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે

ગાંધીનગર,તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાને લઈને લેટેસ્ટ અપડેટ અપાઈ છે. બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાની તારીખ જાહેર કરાઈ છે. જે અનુસાર, ૨૪ જૂનથી ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા શરૂ થશે. ધોરણ ૧૨ના તમામ પ્રવાહોની પૂરક પરીક્ષા પણ ૨૪ જૂનથી શરૂ થશે.

બોર્ડ દ્વારા ટુંક સમયમાં વિષયવાર તારીખોનું ટાઈમટેબલ જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૦માં એક, બે અથવા ત્રણ વિષય અને ધોરણ ૧૨માં એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાશે. વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયની પૂરક પરીક્ષા લેવાશે. ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં ૩૨,૭૪૦ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં ૨૫,૬૨૮ ફોર્મ ભરાયા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮,૪૪૭ ફોર્મ ભરાયા છે. આમ કુલ ૬૭,૧૧૫ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦-૧૨ની પૂરક પરીક્ષા આપશે. પૂરક પરીક્ષા ૨૦૨૪માં છૂટછાટની વાત કરીએ તો દરેક વિષયમાં ઓછામાં ઓછા ૨૦% માર્કસ હોવા જોઈએ. તમે જે સ્કૂલમાં અથવા તમે જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરો છો તે સંસ્થા દ્વારા અથવા શાળા દ્વારા તમને પૂરક પરીક્ષા વિશે અગત્યની અને મહત્વપૂર્ણ માહિતીઓ આપી શકશે.

બોર્ડના નવા નિયમથી તમામ વિદ્યાર્થીઓ જે ૧૨માં વિજ્ઞાન પ્રવાહની આખી પરીક્ષા આપવાની છે જે તેઓ સરળતાથી હવે નવા નિયમ મુજબ આપી શકશે. આ નિર્ણયથી ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહના તમામ વિદ્યાર્થીઓ માટે ફાયદો થશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની આખી પરીક્ષા કોઈપણ વિદ્યાર્થી જે નાપાસ થયો છે તે આપી શકશે અને બેસ્ટ ઓફ ૨ એટલે કે બંને પરીક્ષામાંથી વધુ માર્ક એને ગણીને બોર્ડનું પરિણામ ઠરાવવામાં આવશે. પૂરક પરીક્ષા સ્વરૂપે તેની આખી પરીક્ષા આપી હોય તો બિન્દાસ વિદ્યાર્થી આપી શકશે અને બોર્ડની પરીક્ષાને સરળતાથી પાસ કરી શકશે.

અરવિંદ કેજરીવાલનું નિવેદન

મારા પછી આગામી ટારગેટ બીજા બે રાજ્યના મુખ્યમંત્રી

હું સીએમ પદ પરથી રાજીનામું આપી દઈશ તો આગામી ટારગેટ મમતા બેનરજી અને પિનરાઈ વિજયન બનશે

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તાજેતરમાં એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં ઘણા મુદ્દાઓ પર પૂછાયેલા સવાલોના હિંમતભેર જવાબ આપ્યા હતા. આ દરમિયાન તેમણે ભાજપ સામે પણ નિશાન સાધ્યું હતું. કેજરીવાલે દાવો કર્યો હતો કે જો હું સીએમ પદ પરથી રાજીનામું આપી દઈશ તો આગામી ટારગેટ પ. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન બનશે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમે કેમ કહ્યું હતું કે હવે પીએમ મોદી નહીં પણ અમિત શાહ વડાપ્રધાન બનશે? તેના જવાબમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે જવાબ આપ્યો કે તમે ઈન્ટરનેટ પર સર્ચ કરો. અમિત શાહે પોતે ૨૦૧૯માં કહ્યું હતું કે તેઓ ૭૫ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને નિવૃત્ત કરી રહ્યાં છે. તે હેઠળ જ અડવાણી, મુરલી મનોહર જોશી, યશવંત સિંહાને નિવૃત્ત કરાયા. શિવરાજ, વસુંધરા, ખટ્ટર, બધાને દૂર કરવામાં આવ્યા. યોગીને પણ હટાવવાની વાત ચાલી રહી છે જેથી અમિત શાહનો રસ્તો સાફ થઈ શકે. કેજરીવાલે કહ્યું કે પીએમ મોદીએ એ વાતનો ખુલાસો કરવો જોઈએ કે આ નિયમ પોતાના માટે નથી બનાવ્યો.

સીએમ પદ પરથી રાજીનામું ન આપવાના સવાલ પર કેજરીવાલે કહ્યું કે 'મોદી ઈચ્છે છે કે હું રાજીનામું આપી દઉં. તે જાણે છે કે તેઓ મને દિલ્હીમાં હરાવી શકશે નહીં. તેથી કેજરીવાલની ધરપકડ કરવાનું આ કાવતરું છે જેથી હું રાજીનામું આપી દઉં. મારા પછી હવે પછીનું લક્ષ્ય મમતા બેનર્જી, પિનરાઈ વિજયન સાહેબ હશે. હું ખુરશી છોડીશ નહીં. તેમણે અરજી પણ આપી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે મને પદ પરથી હટાવવાનો ઈનકાર કર્યો હતો. હું રાજીનામું નથી આપી રહ્યો કારણ કે મોદીજી જ્યાં પણ હારી જશે ત્યાં તેઓ મુખ્યમંત્રીની ધરપકડ કરશે.'

રાજ્યમાં વધુ ઠગાઇનો કિસ્સો સામે આવ્યો

રાજકોટના બિલ્ડર સાથે ૩.૨૬ કરોડ રૂપિયાની ઠગાઈ

રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં વધુ વળતર આપવાનું વચન આપીને ૩.૨૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ

રાજકોટ,તા.૨૪

રાજકોટના એક રિયલ એસ્ટેટ ડેવલપર પર એક વ્યક્તિને રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં વધુ વળતર આપવાનું વચન આપીને ૩.૨૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ મૂકાયો છે. અર્જુન મઠિયાએ બંધુલીલા ડેવલપર્સના સંચાલક સંજય ડોબરિયા અને તેની પત્ની જ્યોત્સના ડોબરિયા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેમની પર બનાવટી, વિશ્વાસઘાત અને છેતરપિંડીનો આરોપ છે .

મઠિયાની ફરિયાદ મુજબ, તેણે અને તેની માતાએ બાંધકામ હેઠળના પ્રોજેક્ટમાં ૧૨ ફ્લેટ અને ચાર દુકાનોમાં રોકાણ કરવા માટે દંપતીને ૩.૨૬ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. જો કે, તેઓને વચન મુજબ મિલકતોનો કબજો મળ્યો ન હતો. મઠિયા રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાના વ્યવસાયમાં છે, તેઓ ૨૦૨૧માં મોરબી રોડ પર 'આર્યન એવન્યુ' નામની અન્ડર-કન્સ્ટ્રક્શન સ્કીમની મુલાકાત લેતા દંપતીને મળ્યા હતા.

દંપતીએ મઠિયાને કહ્યું કે તેઓ બંને પ્રોજેક્ટમાં ભાગીદાર છે અને સારા વળતરનું વચન આપીને તેમને તેમાં રોકાણ કરવા સમજાવ્યા. આ પ્રોજેક્ટ આગામી ૧૮ મહિનામાં પૂર્ણ થવાની આશા હતી. મઠિયા અને તેની માતાએ આ પ્રોજેક્ટમાં ૧૨ ફ્લેટ અને ચાર દુકાનો બુક કરાવી, રોકડ દ્વારા અને બેંક ટ્રાન્સફર દ્વારા દંપતીના ખાતામાં કેટલાક હપ્તામાં પૈસા ચૂકવ્યા. ડોબરીયાએ મઠિયાને પ્રોમિસરી નોટ આપી હતી. ફરિયાદ મુજબ, જ્યારે મઠિયાએ પ્રોજેક્ટ પૂરો થયા પછી મિલકતોનો કબજો માંગ્યો ત્યારે ડોબરિયાએ વિલંબ કર્યો. મઠિયા પછી પ્રોજેક્ટના અન્ય ભાગીદારોને મળ્યા અને ત્યારે તેને જાણવા મળ્યું કે ડોબરીયાની પત્ની ભાગીદાર નથી અને ડોબરીયાએ આહીરના પૈસા પેઢીના ખાતામાં જમા કરાવ્યા નથી. તેના બદલે તેણે તેના અંગત ખર્ચ માટે પૈસાનો ઉપયોગ કર્યો. પ્રોમિસરી નોટ પણ નકલી હોવાનું જાણવા મળ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાનો મોટો ખતરો

પશ્ચિમ બંગાળમાં ૨૬ મેના રોજ રિમલ સર્જી શકે છે ભારે તારાજી

પશ્ચિમ બંગાળના કેટલાક જિલ્લાઓમાં ૮૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાશે

નવી દિલ્હી, તા.૨૪

પ્રી મોનસૂન સિઝનમાં બંગાળની ખાડીમાં મોટાભાગે વાવાઝોડું આવતું હોય છે. આ વખતે હવામાન વિભાગે ૨૬ મેના રોજ રિમલ વાવાઝોડું આવવા અંગેની વાત કહી છે. જોકે આ વખતે વાવાઝોડું ચૂંટણી દરમિયાન પશ્ચિમ બંગાળમાં ત્રાડવ મચાવી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ વાવાઝોડું રિમલ ૨૬ મેના રોજ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ સાથે બાંગ્લાદેશ સાથે અથડાશે.

આ સમયગાળા દરમિયાન બંગાળના કેટલાક જિલ્લાઓમાં ૮૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાશે. બંગાળની ખાડીમાં વિકસતું આ વાવાઝોડું ૨૫ મેના રોજ ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ જશે અને ૨૬ મેના રોજ સવારે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળના મિદનાપુર, દક્ષિણ ૨૪ પરગણા, ઉત્તર ૨૪ પરગનામાં આ ચક્રવાતની ભારે અસર પડશે.

આ જિલ્લાઓમાં ૨૫મીથી ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો ફૂંકાશે અને ૨૬મીએ પવનની ઝડપ ૮૦થી ૧૦૦ કિલોમીટરની વચ્ચે રહેશે. આવી સ્થિતિમાં વ્યાપક નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

આ સિવાય હવામાન વિભાગ દ્વારા કોલકાતા, હાવડા, નાદિયા અને ઝારગ્રામ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. માછીમારોને દરિયામાં જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૬મીએ બાંગ્લાદેશમાં લેન્ડફોલ થયા બાદ પણ પશ્ચિમ બંગાળમાં ૨૭મી સુધી ભારે વરસાદ અને તેજ પવન ચાલુ રહેશે.

તમને જણાવી દઈએ કે સામાન્ય રીતે હિંદ મહાસાગરમાં પ્રી-મોનસૂન અને ચોમાસા દરમિયાન તોફાનો આવે છે. આ વાવાઝોડું અરબી સમુદ્ર અથવા બંગાળની ખાડી ઉપર બને છે. આ વર્ષે પ્રિ-મોન્સૂનમાં એટલે કે એપ્રિલ અને જૂન વચ્ચે વાવાઝોડાની શક્યતા ઓછી હતી. જો કે આ વખતે ચોમાસામાં ભારે તોફાન આવવાના છે. ગયા વર્ષે ૨૦૨૩ માં, બંગાળની ખાડી પર એક અત્યંત તીવ્ર ચક્રવાતી વાવાઝોડું 'મોચા' આવ્યું હતું. લાંબી દરિયાઈ મુસાફરી પછી, વાવાઝોડું મ્યાનમાર તરફ આગળ વધ્યું અને ૧૪ મે ૨૦૨૩ ના રોજ સિત્તવે નજીકના દરિયાકાંઠાને પાર કર્યું. જો કે, પ્રિ-મોન્સુન તોફાનો એપ્રિલ કરતાં મે મહિનામાં વધુ વાર આવે છે અને તેમની સંખ્યા અરબી સમુદ્ર કરતાં બંગાળની ખાડી પર વધારે છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડમાં

બાદમાંરાબેતામુજબમોબાઈલમાંવ્યસ્ત બને. તેની નજર સામે ખાનગી વાહન ચાલકોતેમનુંવાહનમાર્ગપરપાર્કકરીને મુસાફરોને તેમના વાહનમાં બેસાડે તો ઓટોરિક્ષાનીલાઈનપણજોવામળેઅને જયારે સરકારીબસત્યાંઆવે તોતેમનાં ચાલકને મુસાફર લેવામાં કે ઉતારવામાં ભારે પરેશાની થાય અને ટ્રાફિકજામ અવારનવાર થતાં ત્યાંથી પસાર થતાં શહેરીજનો પણ ત્રાહીમામ પોકારી જાય. પરંતુ ટ્રાફિકકર્મીબધોજ તમાશો મૂંગા મોઢે જોયા કરે. ત્યારે જવાબદાર અધિકારીએ આ બાબતે આકસ્મિક તપાસકરીનેજેકોઈસમસ્યાહોયતેમનું નિરાકરણ કરવું જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

અવસાન નોંધ

ચલાલા : કંચનબેન જગદીશભાઈ વડેરા (ચલાલા) તે જગદીશભાઈ બંસીલાલ વડેરાના ધર્મપત્નિ તેમજ વિપુલભાઈ, શિતલબેન, જલ્પાબેનના માતૃશ્રી તેમજ જયંતિભાઈ લક્ષ્મીચંદ મોરઝરીયા (જાંબુળા)ના દિકરીનું અવસાન તા. ૨૪/૫/૨૦૨૪ને શુક્રવારના રોજ મીઠાપુર (ડુંગરી) ખાતે થયેલ છે.

સદગતનું ઉઠામણું અને પિયર પક્ષની સાદડી તા. ૨૭/૫/૨૦૨૪ને સોમવારના જુની નગરપાલિકા સામે લોહાણા મહાજન વાડીમાં રાખેલ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૦૪૦	૧૨૦૯
૨	શિંગ મોટી	૭૬૦	૧૨૩૧
૩	શિંગદાણા	૧૫૬૧	૧૬૪૩
૪	શીંગદાણા ફાડા	૧૧૦૦	૧૬૦૯
૫	તલ સફેદ	૧૮૭૫	૨૯૯૯
૬	તલ કાળા	૨૩૦૦	૩૨૯૫
૭	તલ કાશ્મીરી	૨૯૦૦	૩૧૪૭
૮	બાજરો	૪૧૦	૪૬૨
૯	જુવાર	૪૫૫	૯૦૦
૧૦	ઘંઉ ટુકડા	૪૫૩	૫૭૪
૧૧	ઘઉં લોકવન	૪૫૭	૫૬૫
૧૨	મગ	૧૨૦૦	૧૭૩૬
૧૩	અડદ	૧૮૦૫	૧૮૪૨
૧૪	ચણા	૧૦૭૦	૧૩૨૦
૧૫	ચણા દેશી	૧૦૬૫	૧૨૮૦
૧૬	કપાસ	૯૯૦	૧૫૧૫
૧૭	એરંડા	૯૦૦	૧૦૬૫
૧૮	જીરૂ	૨૨૦૦	૫૮૬૦
૧૯	રાયડો	૯૫૫	૧૦૧૫
૨૦	રાય	૮૪૦	૧૧૭૫
૨૧	ધાણા	૧૦૨૦	૧૩૨૫
૨૨	ધાણી	૧૧૭૧	૧૩૯૦
૨૩	મેથી	૮૨૦	૧૧૮૦
૨૪	સોયાબીન	૮૩૨	૮૮૪
૨૫	મરચા લાંબા	૧૧૬૦	૨૫૭૦
૨૬	કાંગ	૫૯૦	૭૫૫

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૭૫	૧૪૬૮
૨	મગ	૧૭૦૧	૧૭૦૧
૩	ચણા	૧૨૫૫	૧૨૬૨
૪	જુવાર સફેદ	૭૨૬	૭૨૬
૫	તલ સફેદ	૨૫૫૦	૨૭૩૦
૬	એરંડા	૧૦૫૯	૧૦૫૯
૭	શિંગ દાણા	૧૮૦૦	૧૮૦૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ મઠડી	૧૨૦૦	૧૩૫૧
૨	શીંગ મોટી	૧૧૮૧	૧૨૪૧
૩	શીંગ નવી	૧૧૦૦	૧૨૮૧
૪	તલ સફેદ	૨૫૦૦	૩૦૬૧
૫	તલ કાળા	૩૦૦૦	૩૨૧૧
૬	જીરૂ	૫૧૦૦	૬૧૦૦
૭	કપાસ	૧૨૫૧	૧૫૧૬
૮	ઘઉં લોકવન	૪૮૦	૫૨૫
૯	ઘઉં ટુકડા	૪૯૦	૫૬૦
૧૦	બાજરો	૩૫૧	૪૭૧
૧૧	જુવાર	૪૦૦	૮૮૪
૧૨	મકાઈ	૪૫૧	–
૧૩	મગ	૧૬૫૦	૧૮૧૧
૧૪	મેથી	૧૦૦૦	૧૧૦૧
૧૫	ચણા	૧૨૦૦	૧૩૦૦
૧૬	સફેદ ચણા	૧૨૨૦	૧૩૮૪
૧૭	તુવેર	૧૯૦૦	૨૨૫૦
૧૮	એરંડી	૧૦૫૦	–
૧૯	અડદ	૨૦૨૩	૨૦૫૮
૨૦	ધાણા	૧૧૫૦	૧૪૦૧

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૨૫૫	૧૫૦૫
૨	મગફળી	૧૧૩૦	૧૧૭૦
૩	ચણા	૧૧૪૦	૧૩૦૦
૪	જીરૂ	૪૨૧૦	૬૨૦૦
૫	ઘઉં	૪૮૦	૫૬૦
૬	તલ સફેદ	૨૩૫૫	૨૮૦૫
૭	મગ	૧૪૬૦	૧૯૫૦
૮	બાજરો	૪૦૫	૪૩૫

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૦૦	૧૪૫૦
૨	ચણા	૧૦૯૦	૧૩૧૫
૩	ધાણા	૧૦૨૫	૧૩૦૧
૪	ઘઉં લોકવન	૪૮૬	૫૧૨
૫	ઘઉં ટુકડા	૪૩૨	૫૧૦
૬	એરંડી	૯૫૫	૧૦૫૧
૭	મેથી	૧૦૦૫	૧૧૪૧
૮	બાજરો	૩૫૦	૩૫૦
૯	અડદ	૧૭૯૬	૧૭૯૬
૧૦	તલ સફેદ	૧૯૦૦	૨૭૦૦
૧૧	મગફળી	૧૦૪૫	૧૧૪૫
૧૨	રાયડો	૮૦૧	૮૦૧
૧૩	સીંગફાડા	૧૩૮૦	૧૫૧૦
૧૪	સોયાબીન	૮૦૫	૮૭૮
૧૫	તુવેર	૧૪૫૦	૧૪૫૦
૧૬	મગ	૧૫૦૪	૧૬૪૧
૧૭	જુવાર	૬૧૧	૬૧૧

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	ઘઉં	૪૦૬	૫૦૮
૨	ચણા	૧૨૨૦	૧૨૨૦
૩	છોલે ચણા	૧૭૦૦	૧૭૦૦
૪	મગ	૧૭૦૦	૧૭૪૫
૫	તલ	૨૪૬૦	૨૬૫૧
૬	એરંડા	૧૦૭૦	૧૦૭૦
૭	તુવેર	૧૧૭૫	૨૦૦૦
૮	વાલ	૧૨૦૦	૧૨૦૦
૯	સોયાબીન	૮૪૦	૮૪૦
૧૦	શીંગ ફાડા	૧૪૦૦	૧૪૦૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૮૦૧	૧૧૬૫
૨	તલ સફેદ	૨૦૦૦	૨૮૦૦
૩	તલ કાળા	૩૦૦૧	૩૧૭૫
૪	તલ પીળા	૨૭૭૬	૨૭૭૬
૫	કપાસ	૧૨૫૦	૧૪૬૧
૬	બાજરો	૪૦૦	૫૦૬
૭	ઘઉં ટુકડા	૪૨૬	૫૩૨
૮	જુવાર	૪૫૧	૯૬૪
૯	મગ	૧૬૦૧	૧૭૦૦
૧૦	તુવેર	૧૦૦૦	૧૦૦૦
૧૧	ચણા	૯૦૧	૧૩૧૩
૧૨	વરીયાળી	૧૫૨૫	૧૫૨૫
૧૩	છોલે ચણા	૧૮૦૧	૧૮૦૧

મોડાસામાં બોગસ સરકારી કચેરી કૌભાંડ મામલો

કૌભાંડમાં ભાજપના નેતાના વેવાઈની સંડોવણીની ચર્ચા

નેતા ભીખાજી ઠાકોરના વેવાઈની સંડોવણી વાતથી રાજકારણ ગરમાયું : નકલી સિંચાઇ કચેરી પ્રકરણમાં તપાસનો ધમધમાટ

મોડાસા, તા.૨૪

ગુજરાતમાં છોટા ઉદેપુર બાદ અરવલ્લી જિલ્લાના મોડાસામાં સિંચાઈ વિભાગની નકલી કચેરી પર્દાફાશ થયો છે. નવાઈની વાત એ છે કે, ખુદ ભાજપના ધારાસભ્યએ જનતારેડ પાડીને નકલી સરકારી કચેરી પકડી પાડી છે. હવે આ કૌભાંડમાં એવો ખુલાસો થયો છે કે, નકલી કચેરીમાં ભાજપ નેતા ભીખાજી ઠાકોરના વેવાઈની સંડોવણી છે.

આ જોતાં સ્થાનિક રાજકારણ ગરમાયુ છે તેનુ કારણ એ છે કે, અટકકાંડને કારણે જ ભીખાજીની ટીકીટ કાપવામાં આવી હતી. આ કૌભાંડમાં ભીખાજીના વેવાઈનું કનેક્શન બહાર આવતાં રાજકીય ચર્ચા શરૂ છે કે, નકલી કચેરી કૌભાંડના બહાને ભાજપના ધારાસભ્ય ધવલસિંહે ભીખાજીને ટાર્ગેટ તો નથી કર્યાને? નકલી સિંચાઇ કચેરી પ્રકરણમાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. નકલી કચેરીમાંથી ૫૦ થી પણ વધારે રબ્બર સ્ટેમ્પ, લેટર પેડ, કોમ્પ્યુટર, અનેક બીલો અને પ્રિન્ટર સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સાથે સાથે ગાંધીનગરથી સચિવ કક્ષાએથી સમગ્ર ઘટનાનો રિપોર્ટ માંગ્યો છે. તપાસ કમિટીની નિમી જીલ્લા કલેક્ટરે પણ તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, મોડાસામાં તિરૂપતિ રાજ બંગ્લોઝમાં જનતા રેડ કરી ખુદ ભાજપના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ નકલી કચેરીની પોલ ઉઘાડી પાડી હતી. ધારાસભ્ય ધવલ સિંહે આક્ષેપ કર્યો કે,નકલી કચેરી પ્રકરણમાં સરકારી અધિકારીઓની સંડોવણી છે.

આ તરફ, અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ચર્ચા છે કે, નકલી કચેરી કૌભાંડમાં હવે જયારે ભીખાજી ઠાકોરના વેવાઈનું નામ બહાર આવ્યુ છે. નકલી કચેરીમાં કામ કરતાં નિવૃત કર્મચારી પી. એન. ડામોર ભીખાજી ઠાકોરના વેવાઇ હોવાનું તપાસમાં ખુલ્યુ છે. સવાલ એ છે કે, ખુદ ભાજપના જ ધારાસભ્ય ધવલસિંહે આ કૌભાંડ પકડી પાડયુ છે.

નકલી કચેરી તો ઠીક પણ ભાજપના ધારાસભ્યના નિશાના પર ભીખાજી ઠાકોર છે તેમ ચર્ચાઈ રહ્યું છે. લોકસભાની ચૂંટણીમાં ભીખાજી ઠાકોરને બદલી શોભના બારૈયાને ટિકિટ આપવામાં આવી હતી. ત્યારબાદ ભિખાજીના સમર્થકોએ ભાજપ વિરૂધ્ધ હંગામો મચાવ્યો હતો. એટલુ જ નહીં, મુખ્યમંત્રીથી માંડીને ભાજપના પ્રભારીએ ભીખાજી અને તેમના સમર્થકોના મનામણાં માટે ઘણી મથામણ કરી હતી. હવે જયારે ચૂંટણી પૂરી થઈ છે ત્યારે રાજકીય હિસાબ કિતાબ પૂરો કરવા આ કૌભાંડ પકડી પાડવામાં આવ્યુ હોવાની વાત છે.

યમુનોત્રીમાં પગપાળા ૧૨૭% અને કેદારનાથમાં ૧૫૬% વધ્યા

ચાર ધામ યાત્રાના પ્રથમ ૧૦ દિવસમાં ૩.૧૯ લાખ ભક્તો કેદારનાથ પહોંચ્યા

ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રાતુરીએ ગુરુવારે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાને ચાર ધામ યાત્રા વિશે માહિતી આપી હતી

ઉત્તરાખંડ, તા.૨૪

ઉત્તરાખંડમાં ચાર ધામના દર્શન કરવા જનારા ભક્તોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૦ મેથી શરૂ થયેલી ચાર ધામ યાત્રાના પ્રથમ ૧૦ દિવસમાં ૩ લાખ ૧૯ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ પહોંચ્યા છે. ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રાતુરીએ ગુરુવારે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાને ચાર ધામ યાત્રા વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ગયા વર્ષની સરખામણીમાં યમુનોત્રીમાં ૧૨૭% અને કેદારનાથમાં ૧૫૬% નો વધારો જોવા મળ્યો છે.મુખ્ય સચિવે કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાને જણાવ્યું હતું કે આ વર્ષે ૧૩૮,૫૩૭ શ્રદ્ધાળુઓએ યાત્રા સીઝનના પ્રથમ દસ દિવસમાં યમુનોત્રીની મુલાકાત લીધી હતી, જે છેલ્લા બે વર્ષ કરતાં ૧૨૭% વધુ છે. એ જ રીતે, ૧૨૮,૭૭૭ ભક્તોએ ગંગોત્રી ધામની મુલાકાત લીધી, જે છેલ્લા બે વર્ષ કરતાં ૮૯% વધુ છે. કેદારનાથ ધામને ૩૧૯,૧૯૩ ભક્તો મળ્યા, જે છેલ્લા બે વર્ષ કરતાં ૧૫૬% વધુ છે, અને બદ્રીનાથ ધામને ૧૩૯,૬૫૬ ભક્તો મળ્યા છે, જે છેલ્લા બે વર્ષ કરતાં ૨૭% વધુ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૨ મે સુધી કુલ ૩,૧૧૮,૯૨૬ નોંધણીઓમાંથી, યમુનોત્રી માટે ૪૮૬,૨૮૫, ગંગોત્રી માટે ૫૫૪, ૬૫૬, કેદારનાથ માટે ૧,૦૩૭,૭૦૦, બદ્રીનાથ માટે ૯૫૫,૮૫૮ અને સાહિબ માટે ૮૪,૪૨૭ ભક્તોએ નોંધણી કરાવી છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, બિહાર, હરિયાણા, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ સૌથી વધુ ભક્તો ધરાવતા દસ રાજ્યો છે.બેઠક દરમિયાન, સીએસ રાતુરીએ એ પણ માહિતી આપી કે પોલીસે ૫૬ પ્રવાસન સહાયતા કેન્દ્રો સ્થાપ્યા છે. યાત્રા પર નજર રાખવા માટે ૮૫૦ સીસીટીવી કેમેરા અને ૮ ડ્રોન લગાવવામાં આવ્યા છે. તેમણે કેદારનાથ ધામ યાત્રા રૂટ પર ૧,૪૯૫ વાહનોની ક્ષમતા સાથે વીસ પાર્કિંગ જગ્યાઓ બનાવી છે. તેઓએ પાર્કિંગ વ્યવસ્થાપન માટે ઊઈ કોડ-આધારિત સિસ્ટમ રજૂ કરી અને યમુનોત્રી અને ગંગોત્રી યાત્રાના માર્ગો પર નિયંત્રિત વાહનોની અવરજવર માટે ૩-૪ હોલ્ડિંગ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે કેદારનાથ માર્ગ પર બહેતર ટ્રાફિક વ્યવસ્થાપન માટે સેક્ટર મેજિસ્ટ્રેટ તૈનાત કરવામાં આવ્યા છે અને ટ્રેકના માર્ગને સાફ કરવા માટે કુલ ૬૫૭ પર્યાવરણ મિત્ર તૈનાત કરવામાં આવ્યા છે.મુખ્ય સચિવના જણાવ્યા અનુસાર, આરોગ્ય વિભાગે યાત્રાના રૂટ પર ૧૨ મુખ્ય સ્થળોએ ૫૦ સ્ક્રીનિંગ કિઓસ્ક સ્થાપિત કર્યા છે. આ ઉપરાંત યાત્રાના રૂટ પર કુલ ૧૫૬ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત ૮ બ્લડ બેંક પણ બનાવવામાં આવી છે.

આરોગ્ય વિભાગે ૪૯ કાયમી આરોગ્ય સુવિધાઓ અને ૨૬ તબીબી રાહત પોસ્ટ બનાવી છે. યાત્રાના રૂટ પર ૨૨ નિષ્ણાતો, ૧૭૯ મેડિકલ ઓફિસર અને ૨૯૯ પેરામેડિકલ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે.

સુલતાનપુરથી લડી રહ્યા છે મેનકા ગાંધી

વરુણ ગાંધીએ સુલતાનપુરમાં માતાની તરફેણમાં પ્રચાર કર્યો

વરુણે કહ્યું કે સુલતાનપુર દેશનો એક એવો વિસ્તાર છે જ્યાં લોકો તેમના સાંસદને માતાજી કહીને બોલાવે છે

સુલતાનપુર, તા.૨૪

ભારતીય જનતા પાર્ટીના નેતા અને પીલીભીતના આઉટગોઈંગ સાંસદ વરુણ ગાંધીએ સુલતાનપુરથી પાર્ટીના ઉમેદવાર તેમની માતા મેનકા ગાંધીની તરફેણમાં પ્રચાર કરવા જિલ્લામાં પહોંચ્યા હતા. સુલતાનપુર સીટ માટે પ્રચારના છેલ્લા દિવસે એક ચૂંટણી સભાને સંબોધિત કરતી વખતે વરુણે તેની માતાના લોકો સાથેના ગાઢ સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, 'દેશમાં દરેક જગ્યાએ ચૂંટણી થઈ રહી છે, પરંતુ દેશમાં એક એવો વિસ્તાર છે જ્યાં લોકો તેમના સાંસદને સાંસદ, મંત્રી જી કે તેમના નામથી બોલાવતા નથી, પરંતુ વિસ્તારના લોકો તેમને માતાજી કહીને બોલાવે છે.'સતત બીજી વખત સુલતાનપુરથી સાંસદ બનવાનો પ્રયાસ કરી રહેલા વરુણની માતા મેનકાએ કહ્યું, 'વરુણ ગાંધી અહીં છે અને તેઓ ૧૫-૨૦ મીટિંગ કરશે. તેની પ્રસિદ્ધિનો અમને ચોક્કસ ફાયદો થશે. મેનકાએ મતદારોને તેમના અંગત હિતોને ધ્યાનમાં રાખીને મતદાન કરવા વિનંતી પણ કરી હતી. તેમણે કહ્યું, 'મત આપતા પહેલા લોકોએ વિચારવું જોઈએ કે કયો સાંસદ તેમનું કામ કરી શકે છે.

તે પછી જ તેઓએ મતદાન કરવું જોઈએ. આ પહેલીવાર છે જ્યારે વરુણ ગાંધી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પ્રચાર માટે બહાર આવ્યા છે.વરુણ ૨૦૧૯માં પીલીભીતથી સાંસદ તરીકે ચૂંટાયા હતા પરંતુ આ વખતે ભાજપે તેમની ટિકિટ રદ કરી હતી. આ વખતે પાર્ટીએ જિતિન પ્રસાદને પીલીભીતથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. વરુણ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં સુલતાનપુરથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. પરંતુ ૨૦૧૯માં પાર્ટીએ તેમની માતાની જગ્યાએ પીલીભીતથી ટિકિટ આપવામાં આવી હતી, જ્યારે મેનકાને સુલતાનપુરથી મેદાનમાં ઉતારવામાં આવી હતી.

બંનેએ પોતપોતાની બેઠકો જીતી લીધી હતી. સુલતાનપુરમાં લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં ૨૫ મેના રોજ મતદાન થવાનું છે જ્યાં મેનકા સપાના રામ બહાદુર નિષાદ અને બસપાના ઉદય રાજ ??વર્મા સામે ચૂંટણી લડી રહી છે.

અમેરિકામાં ખંડણી રેકેટ ચલાવતા ગુનેગારોના નિશાના પર ભારતીયો

નવી દિલ્હી, તા.૨૪

યુ.એસ.માં એફબી આઈની સેક્રામેન્ટો ફિલ્ડ ઑફિસે ભારત સાથેના કુટુંબ અથવા વ્યવસાયિક સંબંધો ધરાવતી વ્યક્તિઓને નિશાન બનાવતી ગેરવસૂલી યોજના અંગે લોકોને ચેતવણી જારી કરી છે. ભારતમાંથી ભાગી છૂટ્યા બાદ ગોલ્ડી બ્રાર, લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ અને રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારા બિશ્નોઈની હરીફ ગેંગે અમેરિકાના જુદા જુદા શહેરોમાં પોતાનું સ્થાન જમાવી લીધું છે. ભારતીય મૂળના ઉદ્યોગપતિઓ, હોટલ માલિકો અને અમેરિકામાં રહેતા પ્રખ્યાત લોકો પાસેથી રિકવરી કરવામાં આવી રહી છે.અમેરિકાના સેક્રામેન્ટો શહેરના એફબીઆઈ યુનિટે પોતાની અપીલમાં કોઈપણ ગેંગ કે ગેંગ સાથે સંકળાયેલા કોઈપણ વ્યક્તિના નામનો ઉલ્લેખ કર્યો નથી. એફબીઆઈએ કહ્યું કે અમને માહિતી મળી છે કે શહેરમાં એક મોટું ખંડણી રેકેટ ચાલી રહ્યું છે, જે ભારતીય મૂળના લોકોને ધમકી આપીને મોટી રકમની ઉચાપત કરી રહ્યું છે. પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી રહ્યો છે અને ઘણી જગ્યાએ ગોળીઓ પણ ચલાવવામાં આવી છે. એફબીઆઈ હેલ્પલાઈન નંબર જારી કરીને, એફબીઆઈએ ત્યાં રહેતા ભારતીય મૂળના તમામ લોકોને અપીલ કરી છે કે તેઓ શક્ય તેટલા આવા કેસ વિશે પોલીસને જાણ કરે અને આ બાબતની જાણ કરે.ભારતીય તપાસ એજન્સીઓ અનુસાર, ભારતમાંથી ફરાર મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર અને આતંકવાદી ગોલ્ડી બ્રાર અને તેની ગેંગ અમેરિકાના ઓરેગોન, કેલિફોર્નિયા અને લેક સિટી જેવા વિવિધ શહેરોમાં ફેલાયેલી છે. ગોલ્ડી બ્રાર અહીં નકલી પાસપોર્ટ અને નકલી નામથી રહેતો હતો. આ ઉપરાંત તાજેતરમાં સલમાન ખાનના ઘરે ગોળીબાર કરનાર લોરેન્સનો ભાઈ અનમોલ બિશ્નોઈ અને રાજસ્થાનમાં ગોગામેડી હત્યાકાંડને અંજામ આપનાર કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારા પણ અમેરિકામાં જ રહે છે. આ સાથે ખાલિસ્તાની આતંકવાદીઓના જુદા જુદા જૂથો અને લોરેન્સ બિશ્નોઈ ગેંગના હરીફ ગેંગના સભ્યો પણ અમેરિકામાં રહે છે.હવે જ્યારે આટલા ગુનેગારો એકઠા થશે ત્યારે ગેંગ વોર થાય તે અનિવાર્ય છે. તાજેતરમાં ઓરેગોનમાં ગેંગ વોરના સમાચાર હેડલાઈન્સમાં હતા. આ સમય દરમિયાન, અફવા ફેલાઈ હતી કે ગોલ્ડી બ્રારની હત્યા કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોલ્ડી બ્રાર ઘટનાસ્થળે હાજર નહોતા પરંતુ ત્યાં ઘણા ગુનેગારો હતા જેઓ ભારતમાંથી ભાગી ગયા હતા અને શૂટઆઉટમાં આશ્રય લીધો હતો. અમેરિકાના કાયદાકીય નિયમોનો લાભ લેવો.ભારતમાંથી ફરાર ગેંગસ્ટર દીપક બોક્સરની દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે મેક્સિકોથી વર્ષ ૨૦૨૩માં એ સમયે ધરપકડ કરી હતી જ્યારે તે યુએસ બોર્ડરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દીપકની ધરપકડ કરનારી ટીમના એક સભ્યએ જણાવ્યું હતું કે મેક્સિકોમાં ઘણા એજન્ટો સક્રિય છે જેઓ અમેરિકામાં પ્રવેશ મેળવવાનો ધંધો ચલાવે છે.તેઓ યુએસ બોર્ડરમાં પ્રવેશતાની સાથે જ તેમના પાસપોર્ટ ફાડી નાખે છે. તે પછી, યોજના મુજબ, તેઓ અટકાયત કેન્દ્રમાં જાય છે. બાદમાં તેઓ કોઈક રીતે બહાર આવે છે અને રાજકીય આશ્રય માટે અરજી કરે છે.ભારતીય ગુપ્તચર એજન્સીઓ પણ એફબીઆઈ દ્વારા અમેરિકન ભારતીય મૂળના લોકો માટે જારી કરાયેલી આ અપીલ પર નજર રાખી રહી છે અને એફબીઆઈનો નવેસરથી સંપર્ક કરીને ભારતમાંથી ફરાર મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર પર કાર્યવાહી કરવાનો પ્રયાસ કરી રહી છે.

ગુજરાતમાં મોંઘી થશે પ્રોપર્ટી

પરિણામ આવતા જ થશે મોટો ધડાકો! બદલાઈ જશે જંત્રીના દર

જંત્રીના દરમાં વધ-ઘટ માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે

ગાંધીનગર, તા.૨૪

હાલ સૌ કોઈની નજર ૪ જૂનો આવનારા લોકસભાની ચૂંટણીઓના પરિણામો પર છે. ચૂંટણીનું પરિણામ આવતાની સાથે જ દેશભરમાં એક સાથે ઘણાં ફેરફાર થશે તે સ્વભાવિક છે. જોકે, આમાંનો એક મોટો ફેરફાર ગુજરાતમાં થવાની તૈયારીઓ થઈ ગઈ છે. સૂત્રોની માનીએ તો એના માટેનો તખ્તો પણ તૈયાર કરી દેવાયો છે. એવું ચર્ચામાં છેકે, ૪ જૂનના રોજ લોકસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ તુરંત જ ગુજરાતમાં જંત્રીના દરોમાં મોટો ફેરફાર કરવામાં આવી શકે છે. સરકાર દ્વારા જંત્રીમાં મોટા પાયે વધારો કરવામાં આવી શકે છે. જો આવું થશે તો નવી બનનાવી તમામ પ્રોપર્ટીઓ મોંઘી થઈ જશે.

મહત્ત્વનું છેકે, ગયા વર્ષે દિવાળીમાં દરો રિવાઈઝ થવાના હતા પરંતુ લોકસભાની ચૂંટણી આવતી હોવાથી સરકારે કાર્યવાહી સ્થગિત કરી હતી. ગુજરાતમાં જંત્રીના દરોમાં ફેરફાર કરવાની અને સાયન્ટિફિક રીતે રીતે દેરો નક્કી કરવાની કાર્યવાહી ચાલી રહી હતી પરંતુ લોકસભાની ચૂંટણીના કારણે રાજ્ય સરકારે જંત્રીના દરોમાં અત્યાર સુધી કોઈ ફેરફાર કર્યા ન હતા પરંતુ હવે ચૂંટણી પુરી થઇ ચૂકી હોવાથી રિવાઇઝ જંત્રીનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

સચિવાલયના આંતરિક વર્તુળોએ જણાવ્યું હતું કે ગયા વર્ષે જ્યારે જંત્રીના દરો લાગુ કરવામાં આવ્યા ત્યારે કેટલીક વિસંગતતા જોવા મળી હતી. માર્કેટ રેટ અને જંત્રી રેટના તફાવત દૂર કરવા માટે સાયન્ટિફિક રીતે વેલ્યૂ ઝોનના આધારે સર્વેક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

એ સમયે દિવાળીના સમયમાં ફેરફાર કરેલી જંત્રીના દરો લાગુ કરવાની વિચારણા હતી પરંતુ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી આવી રહી હોવાથી તે સમયે દરોમાં ફેરફારનો નિર્ણય લેવાયો ન હતો. આ પ્રક્રિયામાં સરકારના કેટલાક અધિકારીઓની ટીમ મહારાષ્ટ્ર અને મુંબઈમાં મોકલવામાં આવી હતી, જ્યાં તેમણે જંત્રીની પદ્ધતિનો અભ્યાસ કર્યો હતો. જંત્રીને એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રીયલ અને અન્ય જમીન એમ કુલ ત્રણ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવેલી છે. વેલ્યુએશન થયા પછી જે તે વિસ્તારની જમીનોના ભાવને ધ્યાને રાખી ફેરફાર કરવામાં આવ્યો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્યમાં જંત્રીનું માળખું બદલાવાની તૈયારીમાં છે અને સંભવતઃ ઓગષ્ટ મહિનામાં તેની જાહેરાત થઇ શકે તેમ છે. જંત્રીના નવા પ્લાન પ્રમાણે મહાનગરોમાં વિકસિત વિસ્તારોમાં બજાર ભાવ પ્રમાણે દરો નિયત કરવામાં આવ્યા છે અને વિકાસની ઓછી તકો રહેલી છે તેવા વિસ્તારમાં જંત્રીના દરોમાં ઘટાડો પણ કરવામાં આવ્યો છે. બીજી તરફ શહેરી વિસ્તારની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારમાં ઘણી જગ્યાએ જંત્રીના હાલના દરોમાં ઘટાડો પણ થઈ શકે તેવી સંભાવના છે. જંત્રીના દરોમાં સૌથી મોટો ફેરફાર મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેરી વિકાસ સત્તામંડળોમાં જોવા મળી શકે.

'તત્કાલ રક્તપાત બંધ કરો'

નંદીગ્રામ હિંસા પર રાજ્યપાલે મમતા સરકાર પર કડક વલણ અપનાવ્યું

પશ્ચિમ બંગાળના નંદીગ્રામમાં એક મહિલા ભાજપ કાર્યકરની હત્યાના મામલાએ જોર પકડ્યું છે

પશ્ચિમ બંગાળ, તા.૨૪

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે ગુરુવારે પૂર્વ મેદિનીપુર જિલ્લાના નંદીગ્રામમાં એક વૃદ્ધ મહિલાની "હત્યા" મામલે મુખ્યમંત્રી મમતા બેનજીની ટીકા કરી હતી. તેમણે સીએમને તાત્કાલિક પગલાં લેવા અને કાર્યવાહીનો અહેવાલ તેમને સુપરત કરવાનો નિર્દેશ આપ્યો.એક સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, રાજ્યપાલે એક પત્રમાં સીએમ મમતાને "રક્તપાત" રોકવા માટે "ચેતવણી" આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે આચાર સંહિતાના પરિમાણોમાં તમામ જરૂરી પગલાં લેવામાં આવે છે તેની ખાતરી કરો.રાજ્યપાલે નંદીગ્રામમાં રાજ્ય સરકાર દ્વારા "પ્રાયોજિત હિંસા" સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને ભાર મૂક્યો હતો કે કોઈપણ બંધારણીય ઉલ્લંઘનને ગંભીરતાથી લેવામાં આવશે અને યોગ્ય પગલાં લેવામાં આવશે. આ સંદર્ભમાં રાજ્યપાલે ગુરુવારે સાંજે રાજ્ય સચિવાલયને પત્ર મોકલ્યો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, "તેમણે (રાજ્યપાલ) સીએમ મમતા બેનજીને તાત્કાલિક પગલાં લેવા અને તેમને (રાજ્યપાલને) લેવામાં આવેલી કાર્યવાહીનો અહેવાલ તરત જ મોકલવાનો નિર્દેશ આપ્યો છે. ભારતના બંધારણની કલમ ૧૬૭ હેઠળ આવું કરવું ફરજિયાત છે. કોઈપણ ઉલ્લંઘનને ગંભીરતાથી લેવામાં આવશે અને મુખ્યમંત્રીએ આચારસંહિતાના પરિમાણોમાં અસરકારક પગલાં લેવા જોઈએ.પશ્ચિમ બંગાળ પોલીસનું કહેવું છે કે બુધવારે રાત્રે નંદીગ્રામમાં અનુસૂચિત જાતિ સમુદાયની એક મહિલા ભાજપ કાર્યકરની હત્યા કરવામાં આવી હતી, જેના પગલે ગુરુવારે પાટીના કાર્યકરોએ ભારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આ વિસ્તાર તમલુક લોકસભા સીટ હેઠળ આવે છે અને તેને બંગાળના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીનો ગઢ માનવામાં આવે છે જ્યાં ૨૫ મેના રોજ મતદાન થવાનું છે.આ ઘટનાના વિરોધ દરમિયાન ભાજપના કાર્યકરોએ નંદીગ્રામમાં ટાયરો સળગાવ્યા, રસ્તા રોક્યા અને દુકાનો બંધ કરી દીધી. તેમણે આરોપ લગાવ્યો કે સોનાચુરા ગામમાં પાટી કાર્યકર રતિબાલા અહીની હત્યા માટે ટીએમસી સમર્થિત ગુનેગારો જવાબદાર છે. પોલીસે જણાવ્યું કે બુધવારે રાત્રે અજાણ્યા હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા હુમલામાં રતિબાલાના પુત્ર સંજય અને અન્ય સાત લોકો ઘાયલ થયા હતા.પરિસ્થિતિને કાબૂમાં લાવવા બંગાળ પોલીસ, સેન્ટ્રલ ફોર્સ અને આરએએફના જવાનોએ ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. કથિત હત્યાના સંબંધમાં એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે.

શ્રદ્ધાંજલિ

અમારા સીતાપરા પરિવારનાં મોભી
શ્રી પરશોતમભાઈ મંગળજીભાઈ સીતાપરા
(ઉ.વ.૭૭) નું તા.૨૨/૦૫/૨૦૨૪,
બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

લાડ એવું કરાવી ગયા કે, જીવનભર આપનું ઋણ ચુકવી ન શકીએ, પરંતુ આપની વ્હાલ સોહી યાદોનો અખૂટ ભંડાર અમારા હૃદયમાં સદાય ધબકયા કરશે. આપનું સિંહસમું વ્યકિતત્વ, સદા હસતો ચહેરો, બધાને મદદરૂપ થવાની ભાવના, ઉદારતા, નિડરતારૂપી આપનાં સંસ્મરણો અમારા હૈયામાં કાયમ ધબકતા રહેશે. ઈશ્વર સદ્‌ગત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. પરશોતમભાઈ મંગળજીભાઈ સીતાપરા
(ઉ.વ.૭૭) સ્વ.તા. ૨૨-૫-૨૦૨૪ ને બુધવાર.

: સદ્‌ગતનું બેસણું :
તા.૨૭/૦૫/૨૦૨૪, સોમવારનાં રોજ
સમય : સાંજે ૫ :૦૦ થી ૭:૦૦
સ્થળ : ગજેરાપરા, સાવરકુંડલા રોડ, ઠકકરબાપા છાત્રાલય સામે, અમરેલી.

લી.
ગં.સ્વ.હંસાબેન પરશોતમભાઈ સીતાપરા
ડો.સત્યેનકુમાર પરશોતમભાઈ સીતાપરા
પ્રિન્સીપાલ : એમ.ડી.સીતાપરા કોમર્સ કોલેજ-અમરેલી
મો.૯૮૨૫૯ ૩૮૦૪૮
જતીનકુમાર પરશોતમભાઈ સીતાપરા
અરવિંદભાઈ મંગળજીભાઈ સીતાપરા - ડો.પિયુષભાઈ અરવિંદભાઈ સીતાપરા
સંજયભાઈ શરદભાઈ સીતાપરા - હાર્ત,ક્રિસ, ધ્યેય,ફ્રેયા

સમસ્ત સીતાપરા પરિવારના જયશ્રી કૃષ્ણ

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ (૨૦૦૨ થી)

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ ' ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ
પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો

કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જ્યારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ
- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

CBSE પધ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે

અન્ય સ્કૂલોની વિચારધારા જ્યાં પુરી થાય, ત્યાંથી સનફ્લાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER Preschool
લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ઘરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે

ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફ્રેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)

ડૉ. નીત ચોટાઈ
MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીજીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા સહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોગ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦

સંત હરિરામબાપા ચોકથી સંત મુળદાસબાપા ચોક સુધીનો માર્ગ ભયજનક

લ્યો બોલો : અમરેલીમાં પાલિકા કચેરી નજીકનો જ માર્ગ બિસ્માર

બંને સંતોની મૂર્તિ વચ્ચેનો માર્ગ સુંદર બનાવવાનું હિન્દુવાદી ભાજપનાં શાસકોને સુઝતુ નથી

પાલિકાનાં તમામ પદાધિકારીઓ અને અધિકારીઓ પણ બિસ્માર માર્ગ ઉપરથી મોજથી પસાર થાય છે

છેલ્લા એકાદ વર્ષથી ૨૦૦ મીટરનો માર્ગ ભયજનક હોય શહેરીજનોને પસાર થવામાં મુશ્કેલી

પાલિકાનાં શાસકો બિસ્માર માર્ગની યુધ્ધનાં ધોરણે મરામત કરે તેવી માંગ

અમરેલી, તા. ૨૪

આમ તો નગરપાલિકા એટલે નગરનું પાલન કરતી સંસ્થા. પરંતુ અમરેલી પાલિકાનાં શાસકો નગરનું સફાઈ, સ્ટ્રીટલાઈટ, ટ્રાફિક, રખડતા પશુઓ, નિયમિત પાણી, બિસ્માર માર્ગો જેવા કાર્યો કરવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે તે સૌ સારી રીતે જાણે છે.

પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે, પાલિકા કચેરીનાં પ્રવેશદ્વારે આવેલ હરિરામબાપા ચોકથી મુળદાસબાપા ચોક સુધીનો ૨૦૦ મીટર જેટલો માર્ગ છેલ્લા એક વર્ષથી ભયજનક બન્યો છે અને આ માર્ગ પરથી પાલિકાનાં પદાધિકારીઓ અને અધિકારીઓ નિયમિત આવન જાવન કરતાં હોવા છતાં માર્ગને સુંદર બનાવાતો ન હોય શહેરીજનોમાં નારાજગીનો માહોલ ઉભો થયો છે.

સ્થાનિક ગામ પંચાયતનાં શાસકોને બદનામ કરવાનું ષડયંત્ર

લીલીયામોટાનાં સાંઈનાથ પ્લોટ વિસ્તારમાં કોઈ હિતશત્રુઓએ પાણીની પાઈપલાઈન તોડી પાડી

સરપંચે પોલીસ સ્ટેશનમાં આવી તપાસની કરી માંગ

લીલીયા મોટા, તા. ૨૪

લીલીયા મોટાના સિવિલ પ્લોટ વિસ્તારમાં પાણી પહોંચાડવા માટે લીલીયાના સરપંચ તેમજ ગ્રામ પંચાયત સદસ્યો અથાગ મહેનત કરી રહ્યા હોય. ત્યારે આશરે એક મહિનાથી લીલીયા મોટા સાંઈનાથ પરા વિસ્તારમાં પાણીનો સંપ મર્શીબલ આવેલ હોય ત્યાથી સીવીલ પરા વિસ્તાર તથા વેલનાથ પરા વિસ્તારમાં પાણી પહોંચાડવાનુ કામ ચાલુ હોય. છેલ્લા ઘણાં દિવસોથી કાળુભારનું પાણી લાઈનમાં ફોલ્ટ આવી જતા બંધ હોય અને કાળુભારનું પાણી તા. ૨૩/૫/૨૦૨૪ ના રોજ રાત્રિના સમયે પાણી વિતરણ કરવા માં આવેલ હોય. જેની જાણ લીલીયા સરપંચને થતા સાંયનાથ પ્લોટમાં આવેલ સંપમાં પાણી ભરવા માટે સરપંચ સાથે રૂપેશ ભરવાડ, શાંતિભાઈ વાઘેલા, વાલમેન પ્રવીણ બાપુ સંપે પહોંચ્યા અને પાણી ભરવાની પ્રક્રિયા શરૂ કરેલ હોય. ત્યાં સંપની બાજુમાં જ પાણી લીકેજ થતાં સવારમાં મજુરો ધ્વારા ખોદીને તપાસ કરાતા પાણીનો એલ્બો કોઈ લુખ્ખા અસામાજીક તત્વો દ્વારા તોડી નાખેલ હાલતમાં મળી આવતા સરપંચ ચોકી ઉઠેલ અને કોઈ અજાણ્યા ઈસમોએ આ પાણીનો એલ્બો તોડીને આગળના વિસ્તારને પાણી ન મળે તેવા મેલા હેતુ અને સરપંચને બદનામ કરવાના હેતુથી નુકસાન કરેલ હોય. જે અન્વયે સરપંચ દ્વારા લીલીયા પોલીસ સ્ટેશને આવી અને અસામાજિક તત્વો સામે અરજી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવા માં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

વૃક્ષનાં છાંયડામાં આકરા તાપથી રાહત મેળવતા પશુઓ

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં છેલ્લા એક સપ્તાહમાં રેકોડબ્રેક તાપ પડયો હતો. સરેરાશ ૪૦ ડીગ્રીથી ૪૬ ડીગ્રીનું તાપમાન શહેરનાં ગ્રામ્ય વિસ્તારનાં લોકોએ સહન કર્યુ હતું. બપોરે ૧૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી રીતસરનું કર્ફયુ લાગ્યું હોય તેમ લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા રોડ અને બજારો સુમસામ જોવા મળી રહ્યા હતા. શહેરનાં રોડ વિસ્તારોમાં એક મોટા વૃક્ષની નીચે મીઠા છાંયડામાં મૂંગા પશુઓ ઉભા રહી તાપમાનથી રાહત મેળવી રહ્યા હતા. જે તાપ પડી રહ્યો છે તે માણસથી પશુઓનાં જીવન પર ભારે અસર કરી રહ્યો છે. મૂંગા પશુઓ વૃક્ષનો ઓથ મેળવી રહ્યા છે. ત્યારે એક વૃક્ષની કિંમત સમજાય માણસ તો ઘરમાં રહી પંખા કે એસી જેવા સાધનો વડે તાપમાન અને ગરમીથી રાહત મેળવે છે પણ બિચારા મૂંગા પશુઓ કયાં જાય માટે તો વૃક્ષ એકમાત્ર સહારો હોય છે.

બે થી વધારે સંતાન હોવાનુ બહાર આવતા

દામનગર પાલિકાનાં એક મહિલા સહિત ૨ નગરસેવકોને સભ્યપદેથી દુર કરાયા

અમરેલીનાં કલેકટરે સભ્યપદેથી દુર કર્યા

અમરેલી, તા. ૨૪

દામનગર પાલિકાનાં એક મહિલા સહિત બે નગર સેવકોને પાલિકાનાં સભ્ય પદેથી દુર કરવામાં આવેલ છે.

અમરેલીનાં કલેકટરે બે થી વધુ સંતાન ધરાવતાં દામનગર નગરપાલિકાના વોર્ડ નં.–૨ ના સભ્ય ખીમાભાઈ દાનાભાઈ કસોટીયા તથા વોર્ડ નં.–૩ ના સભ્ય મેઘનાબેન અરવિંદભાઈ બોખા ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૧૧(૧)(ઝ) ની ગેરલાયકાત ધરાવતા હોઈ, કલમ–૩૮(૧)(ક) અનુસાર આ બંને સભ્યને દામનગર નગરપાલિકાના સભ્ય પદે ચાલુ રહેવા માટે અસમર્થ જાહેર કરવામાં આવે છે અને કલમ–૩૮(૨) અનુસાર નગરપાલિકા દામનગરના વોર્ડ નં.–૨ ની (સામાન્ય) અને વોર્ડ નં.–૩ ની (સામાન્ય સ્ત્રી) બેઠકો હુકમની તારીખથી ખાલી પડેલ જાહેર કરવામાં આવે છે.

કલેકટર અજય દહિયાએ કર્યો હુકમ

અમરેલી પાલિકાનાં વોર્ડ–૫ના સદસ્યા આસ્થાબેન ઝાલાવાડીયા સભ્યપદેથી દુર

પાલિકાની બેઠકમાં સતત ગેરહાજર રહેવા બદલ કાર્યવાહી

અમરેલી, તા. ૨૪

અમરેલી પાલિકાનાં વોર્ડ નં–૫ ના સદસ્યા આસ્થાબેન ઝાલાવાડીયા પાલિકાની મળનારી બેઠકમાં સતત ગેરહાજર રહેતાં હોય કલેકટર અજય દહિયાએ તેણીને સભ્ય પદેથી દુર કરવાનો હુકમ કરેલ હોવાનુ જાણવા મળેલ છે.

Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, ફ્રેસ્કબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૬૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
સમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂ. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂ. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂ. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂ. ૭,૦૦૦/– થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ઘારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,690/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)